**આજનો સુવિચાર**

ક્ષમા આપવી એ ઉત્તમ છે, પણ ભૂલી જવું તે એના કરતાંય વધુ ઉત્તમ!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૩૩ જૂનાગઢ તા.૧૪-૦૯-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 233, Junagadh : Date : 14 September, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


### જમ્મુ-કાશ્મીરમાં પાંચ દિવસ બાદ ચૂંટણી : આજે વડાપ્રધાનની રેલી પહેલા બનેલી ઘટના

# કિશ્તવાડમાં એન્કાઉન્ટર : બે જવાન શહીદ : ત્રણ આતંકવાદી ઠાર

શ્રીનગર તા. ૧૪

જમ્મુ-કાશ્મીરમાં આજે વડાપ્રધાન મોદીની રેલી પહેલા બે જગ્યાએ સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર ચાલી રહ્યું છે. કિશ્તવાડમાં બે જવાનો શહીદ થયા છે. જ્યારે અન્ય બે જવાનો ઘાયલ થયા છે. બારામુલ્લામાં એક આતંકવાદી ઠાર થયો છે. જે બે જવાનો શહીદ થયા છે તેમની ઓળખ નાયબ સુબેદાર વિપિન કુમાર અને વ્હાઈટ નાઈટ કોર્પ્સના કોન્સ્ટેબલ અરવિંદ સિંહ તરીકે થઈ હતી. જ્યારે અન્ય બે જવાનો ઘાયલ થયા છે. સુરક્ષા દળોએ ૩-૪ આતંકવાદીઓને જંગલોમાં ઘેરી લીધા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, તેમને ચત્રુ બેલ્ટના નૈદગામ ગામમાં જૈશ-એ-મોહમ્મદના ત્રણ આતંકવાદી છુપાયા વિશેની બાતમી મળી હતી. આ પછી સુરક્ષા દળોએ સર્ચ-ઓપરેશન હાથ ધર્યું હતું.

શુક્રવારે બપોરે લગભગ ૩.૩૦ વાગ્યે એન્કાઉન્ટર શરૂ થયું હતું. ઓપરેશન ચાલુ છે. એક સ્થાનિક રહેવાસીએ જણાવ્યું કે સેનાએ વિસ્તારને ઘેરી લીધો છે અને સ્થિતિ અત્યંત ગંભીર છે.

સુરક્ષા દળોની સર્ચ ટીમો અને છુપાયેલા આતંકવાદીઓ વચ્ચે ગોળીબાર જિલ્લાના છત્રો પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્ર હેઠળના નૈદગામ ગામની ઉપરના પિંગનલ દુગડ્ડા જંગલ વિસ્તારમાં થયો હતો. ત્યારબાદ જવાનોએ આતંકીઓને



શોધવા માટે સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. કિશ્તવાડના ચત્રુ વિસ્તારમાં જમ્મુ અને કાશ્મીર પોલીસ સાથે સંયુક્ત ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. બપોરે લગભગ સાડા બાર વાગે જવાનોએ આતંકવાદીઓનો સામનો કર્યો હતો. ત્યારબાદ થયેલા ફાયરિંગમાં સેનાના ચાર જવાન ઘાયલ થયા હતા જેમાંથી બે જવાન શહીદ થયા છે. સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી લીધો છે અને ઓપરેશન હજુ પણ ચાલુ છે. કઠુઆમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા હતા

## ખાદ્ય તેલની આયાત જકાતમાં કેન્દ્ર સરકારે રાતોરાત ચાર ગણો વધારો ઝીંકી દીધો : આયાતી ખાદ્ય તેલમાં ડબ્બે રૂા.૧૫૦ વધી ગયા

### વિધાનસભાની ચૂંટણી પહેલા સરકારનાં નીર્ણયથી ખેડૂતોને ફાયદો : આમજનતાને ઝટકો

નવી દિલ્હી, તા.૧૪: ભારતે ક્રૂડ અને રિફાઈન્ડ ખાદ્ય તેલ પરના મૂળભૂત આયાત કરમાં ૨૦ ટકાનો વધારો કર્યો છે. સરકારે ક્રૂડ, રિફાઈન્ડ સનફ્લાવર અને સોયાબીન ઓઈલ પર કસ્ટમ ડ્યુટી વધારી છે. કેન્દ્ર સરકાર દ્વારા જારી કરાયેલા નોટિફિકેશન મુજબ ક્રૂડ અને રિફાઈન્ડ સનફ્લાવર ઓઈલ પર કસ્ટમ ડ્યૂટી અનુક્રમે ૨૦ ટકા અને ૩૨.૫ ટકા કરવામાં આવી છે. સરકારના આ નિર્ણયને વિશ્વના સૌથી મોટા ખાદ્ય તેલ આયાતકારમાં સ્થાનિક તેલીબિયાંના ખેડૂતોને ટેકો આપવાના પ્રયાસ તરીકે જોવામાં



આવી રહ્યો છે.

નાણા મંત્રાલયના નોટિફિકેશન મુજબ ક્રૂડ પામ, સોયાબીન અને સનફ્લાવર સીડ ઓઈલ પર બેઝિક કસ્ટમ ડ્યુટી શૂન્યથી વધારીને ૨૦ ટકા કરવામાં આવી છે. રિફાઈન્ડ પામ, સોયાબીન અને સનફ્લાવર ઓઈલ પરની મૂળભૂત કસ્ટમ ડ્યુટી ૧૨.૫ ટકાથી વધારીને ૩૨.૫ ટકા કરવામાં આવી છે. આ ક્રૂડ ઓઈલ અને રિફાઈન્ડ ઓઈલ પરની અસરકારક ડ્યુટી અનુક્રમે ૫.૫ ટકાથી વધીને ૨૭.૫ ટકા અને ૧૩.૭૫ ટકાથી વધીને ૩૫.૭૫ ટકા થશે. નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે ફીમાં ફેરફાર શનિવારથી અમલી બનશે. ભારત તેની વનસ્પતિ તેલની ૭૦ ટકાથી વધુ માંગ આયાત દ્વારા પૂરી કરે છે. તે મુખ્યત્વે ઈન્ડોનેશિયા, મલેશિયા અને થાઈલેન્ડમાંથી પામ તેલ ખરીદે છે, જ્યારે તે આર્જેન્ટિના, બ્રાઝિલ, રશિયા અને યુક્રેનમાંથી સોયા તેલ અને સૂર્યમુખી તેલની આયાત કરે છે. સરકારના આ નિર્ણયની ઘણી અસર થઈ શકે છે.

## મંકીપોક્સની રસી આવી ગઈ : વિશ્વને રાહત

નવી દિલ્હી તા. ૧૪

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન WHO એ એમપોક્સની પ્રથમ રસી મંજૂર કરી છે. WHOએ શુક્રવારે કહ્યું કે આફ્રિકા અને અન્ય સ્થળોએ આ રોગ સામે લડવાની દિશામાં આ એક મહત્વપૂર્ણ પગલું છે. મળતી માહિતી મુજબ, નવી રસી સાથે રસીકરણ અભિયાન સૌપ્રથમ આફ્રિકા અને આસપાસના દેશોમાં શરૂ કરવામાં આવશે. આને મંજૂરી આપતાં WHOએ સ્પષ્ટ કહ્યું છે કે આ રસી ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકોને આપી શકાય છે. આ રસી એમપોક્સ રોગ સામે લડવામાં મદદ કરશે.

## દહેગામનાં વાસણા સોગઠી ગામે આજે એક સાથે ૮ યુવાનોની અર્થી ઉઠી : સમગ્ર વિસ્તારમાં ગમગીની



ગાંધીનગર તા. ૧૪

ગાંધીનગરના દહેગામના વાસણા સોગઠી ગામે મેશ્વો નદીમાં ગઈકાલે ગણેશવિસર્જન સમયે ડૂબી જતાં ૮ લોકોના કરૂણ મોત નીપજ્યા હતા. વાસણા સોગઠીના મોટાવાસમાં રહેતાં ચૌહાણ અને સોલંકી પરિવારના ૮ લોકોના મોત થતાં આજે સવારે વાસણા સોગઠીના મોટા વાસ ખાતેથી એકસાથે આઠેયની અંતિમયાત્રા નીકળતા સમગ્ર વિસ્તારમાં આક્રંદ છવાયો હતો. નાના એવા ગામમાં કોણ કોને સાંત્વના આપે તેવાં દશ્યો જોવા મળ્યાં હતાં. દહેગામના વાસણા સોગઠી ગામે મોટા ફળિયા વિસ્તારમાં રહેતા લોકો મેશ્વો નદીમાં બપોરના સમયે વિસર્જન કરવા ગયા હતા. જ્યાં ન્હાવા પડેલા ૯ લોકો પૈકી ૮ લોકો ડૂબી જતાં મોત થયા હતા. તરવૈયાઓ દ્વારા આઠેયના મૃતદેહને બહાર કાઢી દહેગામ અને રખીયાલ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં પોસ્ટમોર્ટમ કરી લાશને તેઓનાં પરિજનોને સોંપવામાં આવી હતી.

શુક્રવારે બપોરે ચૌહાણ અને સોલંકી પરિવારના એકસાથે ૮ લોકોના મોત થતાં જ રાત્રિના સમયે તમામની પીએમની વિધિ પૂર્ણ કરવામાં આવી હતી અને પરિવારજનોને મૃતદેહો સોંપવામાં આવ્યા હતા. ચૌહાણ અને સોલંકી પરિવારના સંબંધીઓ વહેલી સવારથી જ વાસણા સોગઠીના મોટા ફળિયા ખાતે આવી પહોંચ્યા હતા. આ સમયે એકસાથે સાથે આઠ લોકોના મૃતદેહો જોઈને સૌ કોઈની આંખો ભીની થઈ ગઈ હતી અને સમગ્ર વિસ્તારમાં આક્રંદ છવાયો હતો.

### ફાયર સેફટી મામલે કેન્દ્ર સરકારનો અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય

# સ્કૂલ, હોસ્પીટલ, મોલ સહિતનાં જાહેરસ્થળોએ ફર્નિચરનું કાપડ ફાયરપ્રુફ રાખવું ફરજીયાત

નવી દિલ્હી તા.૧૪

રાજકોટમાં ૨૭ લોકોનો ભોગ લેનાર અગ્નિકાંડ બાદ બેકફૂટ પર આવેલી રાજય સરકારે (ગેમઝોન એમ્યુઝમેન્ટ પાર્ક માટે નવા નિયમો લાગુ કર્યા જ છે અને ફાયર સેફટી કાયદાનો અસરકારક અમલ શરૂ કરાવ્યો છે. જયારે કેન્દ્ર સરકારે પણ એક મહત્વપુર્ણ નિર્ણય લીધો છે જે અંતર્ગત મોલ,એરપોર્ટ, હોસ્પીટલ, સ્કુલ-શિક્ષણ સંસ્થાનો, હોટેલ-રેસ્ટોરા જેવા જાહેર સ્થળોએ ફર્નીચરમાં ઉપયોગમાં લેવાતુ કાપડ 'ફાયરપ્રુફ' રાખવાનું ફરજીયાત બનાવવામાં આવ્યુ છે.

જાહેર સ્થળોએ ફાયર સેફટી માટે આ કડક નિર્ણયો લેવાયા છે.સહકારી નિયમ મુજબ ઉકત જાહેર સ્થળોની વ્યાખ્યામાં આવતા સ્થાનોનાં ફર્નીચરમાં એવા ફેબ્રુકસ (કાપડ)નો ઉપયોગ કરવો પડશે જે ફાયર રેઝીસ્ટેટ (આગ પ્રતિરોધક) હોય ટેકસટાઈલ્સ મંત્રાલય દ્વારા એમ કહેવાયું છે કે કવોલીટી ક્ધટ્રોલ ઓર્ડર અંતર્ગત ધર્મસ્થાનો, મ્યુઝીયમ, અંડર ગ્રાઉન્ડ, શોપીંગ કોમ્પ્લેકસ, મોલ સહીતનાં સાર્વજનીક સ્થાનોએ ઉપયોગમાં લેવાતી ખુરશી સોફાની ગાદી તથા ફેબ્રકસ બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાર્ન્ડડનાં નિયમો મુજબનાં રાખવા પડશે. મંત્રાલય દ્વારા એમ કહેવાયું છે કે કવોલીટી કન્ટ્રોલ ઓર્ડર હેઠળ લાગુ પાડવામાં આવેલો આ નિયમ ઉકત સાર્વજનીક સ્થાનો માટે આયાત કરાતા ફર્નીચર અથવા તેના પાર્ટસ પર પણ લાગુ થશે. જોકે સરકારના આ નિર્ણય સામે ઉદ્યોગનગરમાં વિરોધ વંટોળ ઉઠતા તેના અમલમાં ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીની મુદત આપવામાં આવી છે.

ગુજરાત સહીત દેશમાં નોંધાયેલી આગની કેટલીક ઘટનાઓ બાર સાર્વજનીક સ્થળોએ ફાયર સેફટીનાં નિષ્ણાંતોના કહેવા પ્રમાણે સરકારનાં આ પગલાથી આગની ઘટના તથા તેમાં થતી નુકશાની ઓછી થઈ શકશે.

## ડુંગળીનો ભાવ આસમાને પહોચ્યો : ૧ કિલોનાં રૂા.૮૦

નવી દિલ્હી, તા.૧૪: દેશમાં પડેલા અનિયમિત વરસાદને કારણે સ્થાનિક બજારમાં શાકભાજીની કિંમતોમાં નોંધપાત્ર વધારો થયો છે. ખાસ કરીને ડુંગળીની કિંમતો છેલ્લા ૨૦ દિવસોમાં ઝડપથી વધી રહી છે. દિલ્હીમાં એની સરેરાશ કિંમત રૂ. ૬૦ની આસપાસ છે, જ્યારે અનેક રાજ્યોમાં એની મહત્તમ કિંમત પ્રતિ કિલો રૂ. ૮૦ સુધી પહોંચી છે. સ્થાનિક બજારના વેપારીઓનું કહેવું છે કે ડુંગળી સપ્લાય ચેનમાં અને માગમાં વધારો થતાં કિંમતોમાં વધારો થયો છે.

છૂટક બજારમાં ડુંગળીની મહત્તમ કિંમત પ્રતિ કિલો રૂ. ૮૦ છે. ૧૦ સપ્ટેમ્બરે દેશમાં ડુંગળીની સરેરાશ છૂટક કિંમત (ઓલ ઈન્ડિયા એવરેજ પ્રાઈસ) રૂા.૫૦ પ્રતિ કિલો હતી.

સ્થાનિક બજારમાં ડુંગળીની કિંમતો વધવા માંડતાં સરકારે ઊંચા ભાવને કાબૂમાં લેવા માટે લગભગ એક સપ્તાહ પહેલાં જ રાહત ભાવે ડુંગળી વેચવાનું શરૂ કર્યું છે.

આ અંતર્ગત લોકોને પ્રતિ કિલો રૂ. ૩૫ની કિંમતે ડુંગળી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. સરકારે આ પહેલ પાંચ સપ્ટેમ્બરથી શરૂ કરી હતી.

## ૬૦ માળની ઈમારત જેટલી ઉલ્કા આવતીકાલે પૃથ્વી નજીકથી પસાર થશે

વારાણસી.તા.૧૪

અવકાશમાંથી આવતાં એક અનિચ્છનીય મહેમાન પૃથ્વીને સંકટમાં મૂકી છે. આ સામાન્ય કરતાં ઘણાં મોટા કદની ઉલ્કા છે, જે પૃથ્વી તરફ ઝડપથી આગળ વધી રહી છે. તેની સાઈઝ ૬૦ માળની ઈમારત જેટલી મોટી છે. ૧૫ સપ્ટેમ્બરે તે પૃથ્વીની ખૂબ નજીકથી પસાર થશે. જો તેની દિશામાં થોડો પણ ફેરફાર થાય તો પૃથ્વી જોખમમાં આવી શકે છે. નાસાની ચેતવણી બાદ દુનિયાભરની સ્પેસ એજન્સીઓ તેનાં પર નજર રાખવામાં વ્યસ્ત છે. આ ઉલ્કાને '૨૦૨૪-ઓન' નામ આપવામાં આવ્યું છે. નાસાના 'નિયર અર્થ ઓબ્જેક્ટ ઓબ્ઝર્વેશન પ્રોગ્રામ' દ્વારા આપવામાં આવેલી ચેતવણી બાદ વિશ્વભરનાં અંતરિક્ષ સંશોધન એજન્સીઓ સતર્ક બની છે. બીએચયૂના ખગોળશાસ્ત્રીઓ પણ પૃથ્વીની વર્તમાન સ્થિતિ અને આ અવકાશી પદાર્થના આકાર, પ્રકાર અને ગતિનો અભ્યાસ કરી રહ્યાં છે.

## મૃત્યુ વિમાના દાવાનો ૧૫ દિવસમાં નિકાલ ફરજીયાત નવી સમય મર્યાદા સાથેનાં નિયમો લાગુ



નવી દિલ્હી, તા. ૧૪

દેશમાં અલગ અલગ જીવન વીમા પોલીસીમાં હવે પોલીસીધારકના મૃત્યુના કેસમાં ૧૫ દિવસમાં જ તેના કલેઈમની પ્રક્રિયા પૂરી કરવાની રહેશે. વીમા ઓથોરીટી દ્વારા આ અંગે સમગ્ર પ્રક્રિયાને સરળ બનાવવા અને તમામ કલેઈમ ૧૫ દિવસની અંદર પૂરા કરવા આદેશ આપ્યો છે. અત્યાર સુધી આ મર્યાદા ૩૦ દિવસની હતી. જોકે જે મૃત્યુના કેસમાં કોઈ ખાસ પ્રકારની તપાસની આવશ્યકતા હોય તો તેને આ નિયમ લાગુ થશે નહીં. વીમા ઓથોરીટી દ્વારા હાલમાં આ અંગે એક સકર્યુલર જાહેર કરવામાં આવ્યો છે.

અને તેની અલગ અલગ સેવાઓ માટે પણ સમયસીમા નિશ્ચિત થઈ છે. વીમા કંપનીઓને તેના ગ્રાહકો પ્રત્યેની જવાબદારી વધારવા અને ગ્રાહક સેવાને બહેતર કરવા આ નિર્ણય લાગુ કરાયો છે. વીમા ઓથોરીટીના જણાવ્યા મુજબ જે કંપનીઓ સમય મર્યાદા ચૂકશે તો તે સંબંધમાં ગ્રાહક વીમા ક્ષેત્રના લોકપાલનો સંપર્ક કરી શકશે. વીમા લોકપાલ પાસે કંપનીઓને આદેશ આપવાનો અધિકાર છે.

ઓથોરીટીએ કહ્યું કે જે ડેથ કલેઈમમાં તપાસની જરૂર હોય તે ૪૫ દિવસમાં પૂરી કરવાની રહેશે અત્યાર સુધી આ મર્યાદા ૯૦ દિવસની હતી. આ ઉપરાંત વીમાના પોલીસી સરન્ડર કે તેમાંથી લોન સહિતની પ્રક્રિયા ૧૪ દિવસમાં પૂરી કરવાની રહેશે. આ ઉપરાંત પ્રીમીયમ કે પોલીસી સંબંધી સૂચનાઓ એક મહિનામાં દેવાની રહેશે. ખાસ કરીને સ્વાસ્થય વીમા ઓથોરીટી મહત્વ રીતે કેશલેસ દાવામાં ૩ કલાકમાં જ પોલીસીધારકને આ સુવિધા આપવાની રહેશે જયારે નોન-કેશલેસ દાવામાં વીમા ધારક પોતે કલેઈમ કરે કે તુર્ત જ ૧૫ દિવસમાં તેનો નિકાલ કરવાનો રહેશે. નવા વીમાની પ્રક્રિયા ૭ દિવસમાં પૂરી કરવાની રહેશે અને પોલીસીની એક કોપી વીમા ઉતરાવનારને ૧૫ દિવસમાં પહોંચાડવાની રહેશે.

## હે..રામ... અયોધ્યામાં ૨૦ વર્ષની સફાઈ કામદાર યુવતિ પર સામુહિક દુષ્કર્મની ઘટના : પાંચની ધરપકડ

અયોધ્યા, તા.૧૪: ઉત્તર પ્રદેશના અયોધ્યામાં રામ મંદિરમાં સફાઈ કામદાર તરીકે કામ કરતી ૨૦ વર્ષીય યુવતીએ ૯ લોકો સામે કથિત રીતે સામૂહિક દુષ્કર્મનો આરોપ લગાવ્યા બાદ પોલીસે અત્યાર સુધીમાં પાંચ લોકોની ધરપકડ કરી છે. એક પોલીસ અધિકારીએ જાણકારી આપી હતી. પીડિતા બી.એ.ના અંતિમ વર્ષમાં અભ્યાસ કરે છે. અયોધ્યાના કેન્ટ પોલીસ સ્ટેશનમાં વિદ્યાર્થિનીએ નોંધાવેલી એફઆઈઆર અનુસાર, ૧૬ અને ૨૫ ઑગસ્ટ વચ્ચે ત્રણ અલગ-અલગ પ્રસંગોએ તેની પર સામૂહિક દુષ્કર્મ કરવામાં આવ્યું હતું.તા. ૨ સપ્ટેમ્બરે એફઆઈઆર નોંધવામાં આવી હતી અને ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ કરાયેલા લોકોની ઓળખ વંશ, વિનય, શારિક, શિવા અને ઉદિત તરીકે થઈ છે. એફઆઈઆર દાખલ થયાના એક દિવસ પછી ત્રણની ધરપકડ કરવામાં આવી હતી અને અન્ય બેની પછીથી ધરપકડ કરવામા આવી છે. સમગ્ર મામલાની તપાસ ચાલી રહી છે

## જયુસમાં મૂત્ર નાખીને ગ્રાહકોને પીવડાવતો દુકાનદાર ઝડપાયો

ગાઝિયાબાદ, તા.૧૪: ગાઝિયાબાદના લોની બોર્ડર વિસ્તારમાંથી એક શરમજનક ઘટનાનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જ્યાં એક જ્યૂસની દુકાનમાંથી શરમજનક કરતૂત ખુલીને સામે આવી છે. જેમાં જ્યૂસમાં માનવ મૂત્ર નાખીને દુકાનદાર ગ્રાહકોને પીવડાવતો હતો.

આ ઘટના સામે આવ્યા બાદ કેટલાય લોકો જ્યૂસની દુકાન પર પહોંચી ગયા અને વિરોધ કર્યો હતો. સાથે જ તેમણે જ્યૂસની દુકાનમાં કરતા લોકોને મેથીપાક પણ આપ્યો હતો. આ આખી ઘટના પર પોલીસ અધિકારીઓનું નિવેદન પણ સામે આવ્યું છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે, લોની બોર્ડર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં એક જ્યૂસની દુકાનમાં લગભગ ૧ લીટર માનવ મૂત્ર મળી આવ્યું હતું.


સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે

અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ

મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફક્ત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે

નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

● હરકયુલિસ સાયકલ ● કોરાડો સાયકલ
● હીરો સાયકલ ● બ્રિટીશ ઈંગલ સાયકલ
● બીએસએ સાયકલ ● ફન રાઈડ ટ્રાસીકલ
● વિકટર ૯૧ સાયકલ ● દાસ સાયકલ
● હિલી સાયકલ

તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ


ગેલેકસી
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરુ જગત ગુરુ શંકરાચાર્ય રચિત સૌંદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# જસદણ મોક્ષધામમાં મેલીવિદ્યા, ભૂત-પ્રેતનો અપાયો અગ્નિદાહ

## દુનિયામાં ભૂત-પ્રેત, ડાકણ, ચુડેલનું અસ્તિત્વ નથી : વિજ્ઞાન જાથા



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૪

રાજકોટ જિલ્લાના જસદણ મોક્ષધામમાં સૌરાષ્ટ્ર પટેલ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના એસ.પી.એસ. સંકુલના ૪૫૦ છાત્ર-છાત્રાઓએ સ્મશાનમાં સદીઓ જુની માન્યતા, કુરિવાજો, પરંપરાઓ, અંધવિશ્વાસનું ખંડન કરી વૈજ્ઞાનિક મિજાજના દર્શન કરાવ્યા હતા. મેલીવિદ્યાની નનામી, અગોચર શક્તિ, આસુરી શક્તિ, ભૂત-પ્રેત, ડાકણ, ચૂડેલનો ભય, ભ્રામકતાને સામુહિક અગ્નિદાહ આપવામાં આવ્યો હતો. સ્મશાનમાં દિવાળી જેવો માહોલનું સર્જન થયું હતું. વિજ્ઞાન સુત્રોથી લોકોના દિલ જીતી લીધા હતા. કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદઘાટન ટ્રસ્ટના કમલેશભાઈ હિરપરા, મોક્ષધામના જે. ડી. ઢોલરીયા, ધીરૂભાઈ સાયાણી, મનજીભાઈ પટેલ, ધર્મેશભાઈ કલ્યાણી, કેવલભાઈ હિરપરા સહિત આગેવાનોની હાજરીમાં કરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન, પરિચય ટ્રસ્ટી કમલેશભાઈ હિરપરાએ વિજ્ઞાન જાથાની પ્રવૃત્તિ સમાજને ફાયદો થયો છે તેના દાખલા આપ્યા હતા. છાત્ર-છાત્રાઓને સ્મશાનમાં લાવવાથી તર્કને પ્રાધાન્ય આપશે. ઉપરાંત ભય, ડર, ભ્રામકતા વિશે આત્મમંથન કરી સાચી સમજણ કેળવશે તેવી આશા રાખી હતી. પ્રારંભમાં ૪૫૦ છાત્ર-છાત્રાઓને કહેવાતી મેલીવિદ્યાની નનામીને ઉપાડી અંધશ્રદ્ધા વિરૂદ્ધ સુત્રોચ્ચાર કરી વૈજ્ઞાનિક મિજાજના દર્શન કરાવ્યા હતા. નનામીને સ્મશાનમાં ખાટલે અને વિદ્યુત-ઈલેકટ્રીકથી અગ્નિદાહનો તફાવતની જાણકારી આપવામાં આવી હતી. ભૂત-પ્રેત, ડાકણ, ચુડેલ વિગેરે મનની ત્રુટિમાંથી ઉદભવેલી કાલ્પનિક વાર્તાથી જ છે. હકિકત નથી. મશાલ સરઘસથી જ્ઞાન-વિજ્ઞાન હંમેશા સદાબહાર છે. તેને દેશના સિમાડા નડતા નથી તેથી જ્ઞાન સંબંધી આગળ વધવું જોઈએ. શૈક્ષણિક સંકુલનો નૂતન પ્રયોગ સફળ રહ્યો હતો. જાથાના ચેરમેન-એડવોકેટ જયંત પંડયાએ એસ.પી.એસ. એ સ્મશાનમાં કાર્યક્રમ યોજવા બદલ અભિનંદન આપ્યા હતા. છાત્ર-છાત્રાઓ હંમેશા નવા વિચારોને આવકારે છે. જ્ઞાન પદ્ધતિ સર્વાંગી લાભકારક છે. સદીઓ જુના રદ્દી વિચારોને તિલાંજલિ આપવી જોઈએ. સદીઓથી ચાલી આવતી પરંપરાઓ, ગેરમાન્યતા, કુરિવાજોને ફગાવવા જોઈએ. પોતાના ઘરેથી પહેલ કરવી જોઈએ બોલીએ છીએ તેનું આચરણ થવું જોઈએ. માનવીનું ૨૧ મી સદીને અનુરૂપ વર્તન—વાણી હોવા જોઈએ. અંધવિશ્વાસથી માનવજાતને ભારોભાર નુકશાન થયું છે હવે જાગવાની જરૂર છે. શ્રધ્ધા-અંધશ્રદ્ધાનો ભેદ પારખવો જોઈએ. વિજ્ઞાન અભિગમ-દ્રષ્ટિકોણ આવવાથી કુટુંબ, સમાજ, રાષ્ટ્રને ફાયદો થાય છે. વાસ્તવવાદ-પુરૂષાર્થવાદ અપનાવવો જોઈએ. માનવધર્મ-રાષ્ટ્રધર્મ દેશ માટે લાભકારક છે. જાતિવાદ-કોમવાદને જાકારો આપવો પડશે. વિશેષમાં જાથાના પંડયાએ જણાવ્યું કે દર વર્ષો કાળીચૌદશ દિને સ્મશાનમાં અવનવા પ્રયોગો કરી લોકોને તેની જાણકારી આપવામાં આવે છે. નિરંતર પ્રેકટીસ કરવામાં શરીરના કદ પ્રમાણે બેડાનું પાણી-દૂધ, ગરમ તેલથી શરીર ઉપર સ્નાન, મનની વાત, હેરતભર્યા પ્રયોગો વિજ્ઞાનની મદદથી કરી શકાય છે તેમાં કોઈ ચમત્કાર નથી. ચમત્કારિક પ્રિય માનસિકતાના કારણે માનવી દુઃખી છે. એકના ડબલ, ગુપ્ત ધન, રૂપિયાના વરસાદની ઘેલછાથી આજે પણ લોકો છેતરાય છે. જમીનમાં મૂર્તિનું નીકળનું વિગેરે પ્રક્રિયા કરનારા શ્રદ્ધાળુઓનું શોષણ કરવા તરકીબ અજમાવે છે તેનાથી સાવધાની રાખવી જોઈએ. વિજ્ઞાન બ્રહ્માંડના રહસ્યો ખોલવા સતત પ્રયત્નશીલ છે. માનવીએ ચંદ્ર-મંગળ ઉપર વસવાટની તૈયારી આરંભી છે તેને અનુરૂપ વર્તન હોવું જોઈએ. વિજ્ઞાનથી માનવજાત સુખી-સંપન્ન થયો છે. અજ્ઞાનતાનો લેભાગુઓ લાભ મેળવે છે. ગ્રહો કે ગ્રહણો કદી નડતા નથી, જીવતા માણસો જ નડે છે. માણસને અહંમ, પૂર્વગ્રહો નડે છે. અનુભવથી ઘણું શીખવાનું મળે છે. મગજની સંગ્રહશક્તિમાંથી માત્ર આઠ ટકા જ ઉપયોગ કરવામાં આવે છે.

બુદ્ધિશકિત અમાપ છે. છાત્ર-છાત્રાઓને નવા સંશોધનો માટે પ્રેરણા આપવામાં આવી હતી. જાથાના જયંત પંડયાએ જસદણ ગામની વિશિષ્ટતાની વાત કરી હતી, અંધશ્રદ્ધા તેમાંનો એક ભાગ છે. તેને જલ્દી તિલાંજલિ આપવી પડશે. માથા ઉપર સળગતી સગડી રાખી પ્રયોગ નિદર્શન કરવામાં આવ્યું હતું. ચમત્કારો પાછળના રહસ્યોની પોલખોલ કરવામાં આવી હતી. હાથમાંથી લોહી નીકળવું, અગ્નિનું આપોઆપ પ્રાગ્ટય, હાથ-માથા ઉપર દીવા રાખવા, સળગતા અંગારા મોઢામાં ખાવા જેવા પ્રયોગો કરી શીખડાવી દેવામાં આવ્યા હતા. માનવીની અજ્ઞાનતામાંથી ચમત્કારનો જન્મ થયો છે. ધાર્મિક ત્યૌહારના અમલમાં સંયમપૂર્વકનું વર્તન હોવું જોઈએ. મૂર્તિ વિસર્જન વખતે શ્રદ્ધાળુઓના પાણીના ડુબવાથી મોત થાય છે ત્યારે આઘાત-પીડા થાય છે. મોતનું નિવારણ આપણે જ કરવું પડશે. સ્મશાન સંબંધી સદીઓ જુની માન્યતા-પરંપરાઓનું ખંડન કરવામાં આવ્યું હતું. છાત્ર-છાત્રાઓને હોંશભેર ભાગ લીધો હતો. સ્મશાનમાં જે. ડી. ઢોલરીયા, ધીરૂભાઈ સાયાણી, તેની ટીમે ઉત્કૃષ્ઠ કામગીરી કરી હતી. સંકુલના કેવલભાઈ હિરપરા અને પરેશભાઈએ સંચાલન કર્યું હતું. જાથાના અંકલેશ ગોહિલ, રોમિત રાજદેવ, રવિ પરબતાણી, ગુલાબસિંહ ચૌહાણ, વિનુભાઈ લોદરીયા, જયસુખ રામાણી, ભાનુબેન ગોહિલે પ્રયોગ નિદર્શન સાથે તૈયારીમાં ભાગ લીધો હતો. જસદણ પોલીસ સ્ટેશનમાંથી પો.ઈન્સ. ટી. બી. જાનીના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ. જેન્તીભાઈ ધીરૂભાઈ, એ.એસ.આઈ. મામૈયાભાઈ મોતીભાઈ, ઘુડાભાઈ હેમતભાઈ, સંજયભાઈ પુરુષોતમભાઈ, કિશોરભાઈ જેસંગભાઈ, પારસભાઈ હમીરભાઈ, લાલજીભાઈ ભરતભાઈએ બંદોબસ્ત જાળવ્યો હતો. માહિતી માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવો.

# ગુજરાતના સુપ્રસિદ્ધ કલાકારો, કૌશિક ભરવાડ, પૂનમ ગઢવી અને કાજલ ડોડીયા ઉનાના રાજ ગરબા ગ્રુપની મુલાકાતે આવ્યા

(નિરવ ગઢીયા દ્વારા)

ઊના તા.૧૪



ગુજરાતના સુપ્રસિદ્ધ કલાકારો, કૌશિક ભરવાડ, પૂનમ ગઢવી અને કાજલ ડોડીયાએ ઉનાના રાજ ગરબા ગ્રુપની મુલાકાતે આવ્યા હતા. આ તકે રાજ ગરબા ગ્રુપના તમામ ખેલૈયા ભાઈઓ-બહેનોએ લાલ રંગના એકસરખા કપડાં પેહરીને ગીત મુજબ કપડાં મેચિંગ કર્યા હતા. તમામ ખેલૈયાઓના કપડાં મેચિંગ અને એ ગીત ઉપરના ગરબા જોઈ કલાકારો પણ સાથે જુમી ઉઠ્યા હતા. આ સાથે બંસીધર સ્ટુડિયોના કિશોરભાઈ લાખનોત્રા તેમજ રામશીભાઈ વાળા કલાકારોને સાથે લાવ્યા અને એમની ઉપસ્થિત થકી કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો. રાજ ગરબા ગ્રુપમાં હર વર્ષે કલાકારો આવે છે અને ખેલૈયા સાથે ગરબે ઘુમે છે. તમામ ખેલૈયાઓ અ ન ` કલાકારો ભાઈઓનો રાજ ગરબા ગ્રુપ વતી ખુબ ખુબ આભાર માન્યો હતો.

# જૂનાગઢમાં ગણપતિ વિસર્જન કરતા ભાવિકો



જૂનાગઢ તા.૧૪

જોષીપરા ખલીલપુર રોડ સ્થિત પુજા ડિલકસ સોસાયટીના રહીશો દ્વારા ગણપતિ મહોત્સવ ઉજવવામાં આવેલ અને ગણેશચર્તુથી ગણપતિ દાદાની વિધીવત સ્થાપના કરી સતત સાત દિવસ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા અને ગઈકાલે સોસાયટીના સીમાબેન, દિનેશભાઈ, રાજુભાઈ, વિજય ખેરાળા, કમલેશભાઈ, હિતેષભાઈ, વિજયભાઈ, અશોકભાઈ, વર્ષાબેન સહિતના તમામ ભાવિકોએ ગણપતિ વિસર્જન કર્યું હતું.

# વિસાવદરની ભલગામ શાળા ખાતે ચિત્ર સ્પર્ધા યોજાઈ

(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૧૪

વિસાવદરના ભલગામ ગામે લાયન્સ કલબ વિસાવદર દ્વારા ડ્રગ્સ વિરોધી ઝુંબેશ અંતર્ગત ભલગામ ખાતે એક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૧૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ તેમજ પર્યાવરણ જતન એ વિષય ઉપર નિબંધ લેખન સ્પર્ધામાં કુલ ૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. ભાગના તમામ વિદ્યાર્થીઓને ડિસ્ટ્રીક ચેરપર્સન રમણીક ગોહેલ



દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવેલ તેમજ પ્રથમ દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવેલ હતા.

# જૂનાગઢમાં ફુલ સ્કેપ ચોપડાનું વિમોચન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

સ્વામી લીલશાહ મિત્ર મંડળ જૂનાગઢના ચેરમેન રમેશકુમાર શેવકાણીની અથાગ મહેનતથી સતત ૧૩ વર્ષ(૨૦૧૨થી ૨૦૨૪) ફુલ સ્કેપ ચોપડા તૈયાર કરાવી રાહત ભાવે વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. આ વર્ષે નવા ટાઈટલ સાથે ફુલ સ્કેપ ચોપડા તેયાર કરાયેલ જેનું વિમોચન મહાનગરના પૂર્વ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ભગાભાઈ નાથાભાઈ રાડા તેમજ પૂર્વ કોર્પોરેટર બાલુભાઈ ભગાભાઈ રાડાના હસ્તે કરવામાં આવેલ હતું. આ તકે ચેરમેન રમેશકુમાર શેવકાણી, ગીરીશભાઈ, જયપ્રકાશભાઈ, ગૌતમભાઈ, કલ્પેશભાઈ તેમજ અન્ય મિત્રો હાજર રહ્યા હતા.

# ખંભાળિયા : આંગણવાડીઓના ભુલકાઓએ ગણપતિજીની મૂર્તિ બનાવી : પર્યાવરણ જતનનો આપ્યો સંદેશો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪


દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જુદી જુદી આંગણવાડીઓ ખાતે ગણેશ મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત રાજય સરકાર દ્વારા પ્રોજેક્ટ ‘પા પા પગલી’ અંતર્ગત પ્ર-સ્કુલ એક્ટિવિટી માટે અપાયેલી રંગીન કલેના ઉપયોગથી નાના બાળકોને ગણેશજીની મૂર્તિઓ બનાવવા માટે પ્રેરવામાં આવ્યાં હતા. પ્રોગ્રામ ઓફીસર ડો. ચંદ્રેશકુમાર ભાંભીના માર્ગદર્શન હેઠળ આંગણવાડીના બાળકોએ પરંપરાગત રીતે હાથથી ઘાટ આપીને વિવિધ મૂર્તિઓનું સર્જન કર્યું હતું અને ઉત્સાહભેર ઉજવણી કરી હતી. આંગણવાડીના બાળકોએ જાતે ગણેશજીની મૂર્તિઓ બનાવીને માટીની મૂર્તિનો ઉપયોગ પ્રેરી પર્યાવરણ જતન કરવાનો સંદેશ આપ્યો હતો.


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

મોબાઈલ... મોબાઈલ..
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
શ્રી જલારામ ટેલીકોમ
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

શો-રૂમ લાયક દુકાન ભાડે / વેચવાની છે
પંચહાટડી - માંગનાથ રોડ ઉપર ફર્સ્ટ ફલોર, રોડ સાઈડ, (મોરો ૩૦ ફુટ) ૧૦૦૦ સ્કે. ફુટ દુકાન, જવેલરી, રેડીમેઈડ, સાડી તથા દરેક ધંધાને ઉપયોગી શો-રૂમ લાયક દુકાન ભાડે / વેચવાની છે
મો. ૯૪૨૯૪ ૨૬૩૧૨

ટચુકડી જાહેરાત દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
પવિત્ર શ્રાવણ માસ...
પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ગાયનું તાજુ ઘી તથા ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોનઃ ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

બેકરીની બધી જ આઈટમ ઘઉંમાં મળશે સ્પે. પંજાબી પફ મળશે આઈસ કેકનાં સ્પેશ્યાલીસ્ટ
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

તહેવાર નિમિતે
માંગરોળનો પ્રખ્યાત લીલા નાળિયેરનો હલવો
બે પેકેટની ખરીદી પર ૧ પેકેટ ફ્રી
માંગરોળનો પ્રખ્યાત લીલા નાળિયેરનો હલવો ખાદીમ પાક આગામી પવિત્ર તહેવારો ગણેશ ચતુર્થિ, ઈદે મીલાદ, દશેરા તેમજ દિવાળી પર ખાસ ઓફર તહેવાર દિવસ પુરતી ૨૫૦/૫૦૦ તથા ૧ કિલોનાં બે પેકેટની ખરીદી પર ૧ પેકેટ ફ્રી આપવામાં આવશે
આર. કે. હલવાવાળા
ચીત્તાખાના રોડ, ગાંધી ચોક પાસે, જૂનાગઢ
મો. ૯૮૨૪૮ ૧૩૭૩૫

ભેળસેળ સાબિત કરનારને ઈનામ ૧ લાખ
100% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-
100% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-
મલાઈવાળું દહી, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. મો.નં.૯૮૨૫૧ ૬૭૦૦૮

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

જલજીલ આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

# જૂનાગઢ જીલ્લામાં ૧૦માં તબક્કાનો સેવાસેતુ આગામી ૧૭મી સપ્ટેમ્બરથી થશે પ્રારંભ

## સેવાસેતુ કાર્યક્રમના સુદ્રઢ આયોજન માટે કલેક્ટરના અધ્યક્ષસ્થાને બેઠકનું આયોજન




જૂનાગઢ, તા.૧૪

નાગરિકોને વિવિધ સરકારી યોજનાઓના લાભ ઝડપથી તકલીફ વિના પ્રાપ્ત થાય અને તેમના પ્રશ્નોનું સ્થાનિક સ્તરે તાકીદે નિવારણ થાય તેવા આશયથી ગુજરાત સરકારે સેવાસેતુ કાર્યક્રમ શરૂ કર્યો છે. જેને અનુલક્ષીને કલેક્ટર કચેરીના સભાખંડમાં કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષસ્થાને બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. સરકારશ્રીની તમામ યોજનાઓનો લાભ અને સહાય અંગેની નાગરિકોની વ્યકિતગત રજૂઆતો સાથે અરજીઓનો સ્થળ પર જ નિકાલ માટે જૂનાગઢ જિલ્લામાં ૧૭મી સપ્ટેમ્બરથી શહેરી અને ગ્રામિણ વિસ્તારોમાં ૧૦માં તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાનાર છે.

આ બેઠકમાં કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાએ અધ્યક્ષસ્થાનેથી અધિકારીઓને માર્ગદર્શન આપતા જણાવ્યું કે, પારદર્શી પ્રશાસન માટે કટિબધ્ધ સરકાર ધ્વારા પ્રજાની લાગણી, માગણી અને અપેક્ષાઓ પૂર્ણ કરવા ૧૦માં તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ યોજાનાર છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા દીઠ ૦૩ કાર્યક્રમ અને શહેરી વિસ્તારમાં મહાનગરપાલિકા દીઠ ૦૨ તથા નગરપાલિકા દીઠ ૦૨ કાર્યક્રમોનું આયોજન થશે. જૂનાગઢ જિલ્લામાં તાલુકા કક્ષા, નગરપાલીકાકક્ષા અને મહાનગરપાલીકાકક્ષાએ ૩૮ જેટલા સેવાસેતુ કાર્યક્ર નું સુદ્રઢ આયોજન કરવા વિવિધ સૂચનો કર્યા હતા. વધુમાં જણાવ્યું કે, સરકારની અનેકવિધ યોજનાઓનો લાભ સૌ જરૂરીયાતમંદ સુધી પહોચે અને ગરીબ પરિવારોને સરકારી કચેરીઓના ધક્કા ન ખાવા પડે તે માટે સેવાસેતુ કાર્યક્રમ યોજવામાં આવે છે. ત્યારે ખાસ અભિયાન સ્વરૂપે કામગીરીને અગ્રિમતા આપી સેવાસેતુ કાર્યક્રમની સંપૂર્ણ વિગતો દૈનિક ધોરણે ડીઝીટલ ગુજરાત પોર્ટલ ઉપર એન્ટ્રી કરવા કલેક્ટર દ્નારા સૂચનાઓ આપવામાં આવી હતી. જિલ્લા વહીવટીતંત્ર સામે ચાલીને જે-તે ક્લસ્ટરમાં સમાવિષ્ટ નિયમિત અંતરાલે આવક, જાતિ, ક્રીમી લેયર રાશન કાર્ડ, વિધવા સહાય, જનધન ખાતા આધાર કાર્ડ સહિતના પ્રમાણપત્ર કાઢી આપે છે અને સુવિધાઓ અંગેની રજૂઆતોનો ઉકેલ લાવે છે. સમાજના તમામ વર્ગો માટે રાજય સરકારે યોજનાઓ બનાવી છે ત્યારે સેવાસેતુ જેવા કાર્યક્રમના માધ્યમથી લાભ લેવા જિલ્લાવાસીઓને અનુરોધ કર્યો હતો. આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા તથા અરવિંદભાઈ લાડાણી, કમિશ્નર ઓમ પ્રકાશ, જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી નિતીન સાંગવાન, અધિક નિવાસી કલેક્ટર એન.એફ.ચૌધરી, જિલ્લાના તમામ લાયઝન અધિકારીઓ તથા અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગીરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં ભાગ લેવા સ્પર્ધકોએ તા.૧૫ ઓક્ટોમ્બર સુધીમાં અરજી કરવી

જૂનાગઢ, તા.૧૪

ગુજરાત રાજયના રમત-ગમત યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર દ્વારા જૂનાગઢ જિલ્લાસ વહીવટી તંત્રના ઉપક્રમે આગામી જાન્યુસઆરી - ૨૦૨૫ ના પ્રથમ અઠવાડીયા દરમ્યાન જૂનાગઢમાં ગુજરાત રાજયના યુવક અને યુવતિઓ માટેની અખિલ ગુજરાત ગીરનાર આરોહણ - અવરોહણ સ્પનર્ધા યોજાશે.

આ સ્પર્ધામાં સ્પર્ધકો ૧૪ થી ૧૮ અને ૧૯ થી ૩૫ ની વય મર્યાદામાં સિનિયર - જુનિયર વિભાગમાં ભાગ લઈ શકશે બન્ને વિભાગના ભાઈઓ માટેની સ્પર્ધા ગીરનાર તળેટીથી અંબાજી મંદિર સુધીના ૫૫૦૦ પગથીયા અને બન્ને વિભાગની બહેનો માટે ગીરનાર તળેટીથી માળીપરબ સુધીના ૨૨૦૦ પગથીયા ચઢીને ઉતરવાના રહેશે. ભાઈઓની સ્પર્ધાની સમય મર્યાદા ૨-૦૦ કલાક અને બહેનોની સ્પર્ધા માટે ૧-૧૫ કલાકની સમય મર્યાદા રહેશે. આ સ્પર્ધા નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરનાર સ્પર્ધકોને જ પ્રમાણપત્રો આપવામાં આવશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટેના નિયત પ્રવેશપત્રો દરેક જિલ્લાની જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરીથી રૂબરૂમાં મળશે. તેમજ વધુમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી બ્લોક નં.૧, પ્રથમ માળ બહુમાળી ભવન સરદાર બાગ જૂનાગઢ ખાતેથી પણ વિનામૂલ્યે મળી શકશે. તેમજ **Facebook Id – Dydo Junagadh** ઉપરથી ઓનલાઈન મળી શકશે. દરેક સ્પર્ધકોએ નિયત પ્રવેશપત્રો માંગ્યાઓ મુજબની પૂરી વિગતો સાથે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, જૂનાગઢ ખાતે કચેરીના ચાલુ દિવસ દરમ્યાન તા.૧૫/૧૦/૨૦૨૪ સુધીમાં પહોંચતા કરવાના રહેશે. સમય મર્યાદા બહાર મળેલા ફોર્મ અને અધુરી વિગતો વાળા ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. સ્પર્ધાની નિયત તારીખ તથા પસંદગી થયેલ યાદી ફેસબુક આઈડી ઉપર મુકવામાં આવશે. વધુ વિગતો માટે કચેરીના ફોન નં.(૦૨૮૫) ૨૬૩૦૪૯૦ નો સંપર્ક કરવો.

# જૂનાગઢ જીલ્લામાં સ્વચ્છતા હી સેવા અંતર્ગત શહેર તથા ગ્રામ્ય સ્થળે સફાઈ ઝૂંબેશ હાથ ધરાશે

## ૧૭મી સપ્ટેમ્બરથી શરૂ થનારા 'સ્વચ્છતા હી સેવા' અભિયાનમાં સક્રિય ભાગીદારી નોંધાવવા આહવાન કરતા કલેક્ટર અનિલકુમાર





જૂનાગઢ, તા.૧૪

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ-૨૦૧૭ થી સ્વચ્છ ભારત મિશન હેઠળ "સ્વચ્છતા હી સેવા" અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે આ વર્ષે પણ ૧૭મી સપ્ટેમ્બરથી સ્વચ્છતા હી સેવા–૨૦૨૪ની સમગ્ર રાજય- દેશભરમાં ઉજવણી થવાની છે. જૂનાગઢ જિલ્લામાં "સ્વચ્છતા હી સેવા" અભિયાન અંતર્ગત કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી સભાખંડ ખાતે બેઠક યોજાઈ. બેઠકમાં આગામી દિવસોમાં આયોજિત "સ્વચ્છતા હી સેવા" અંતર્ગત સફાઈ અભિયાનની તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી.

જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાએ જણાવ્યું કે, આગામી દિવસોમાં જૂનાગઢ જિલ્લાના શહેરો, નગરો, ગામોમાં શાળા-કોલેજો, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, ધાર્મિક સ્થાનો, યાત્રાધામોમાં યોગ્ય સાફ સફાઈ થાય તે માટે જરૂરી લોકજાગૃતિના કાર્યક્રમો કરવા જેથી કરીને જિલ્લાના નાગરિકો પણ સ્વયંભુ રીતે આ અભિયાનમાં જાગૃતતા સાથે જોડાઈને પોતાની ભાગીદારી નોંધાવે તે માટેના પુરતા પ્રયત્નો સૌએ કરવા ઉપર ભાર મૂક્યો હતો શહેર તથા ગ્રામ્યના તમામ જાહેર વિસ્તારમાં સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવી તેમજ ઉત્પન્ન થયેલ કચરાનું તે જ દિવસે યોગ્ય નિકાલ કરવા અને ડોર ટુ ડોર વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા અને કચરાના મૂળ સ્થાનેથી એકત્રીકરણ બાદ તેના આખરી નિકાલ માટે વ્યવસ્થા સઘન અને સુચારૂ બનાવવા અંગે પણ ચર્ચા કરવામાં આવી. આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા તથા અરવિંદભાઈ લાડાણી, કમિશ્નર ઓમ પ્રકાશ, જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી નિતીન સાંગવાન, અધિક નિવાસી કલેક્ટર એન.એફ.ચૌધરી, જિલ્લાના તમામ લાયઝન અધિકારીશ્રીઓ તથા અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢમાં ડસ્ટબીનનું વિતરણ જાહેર રજાના કારણે આજથી ત્રણ દિવસ બંધ રહેશે

જૂનાગઢ, તા.૧૪

મહાનગર-પાલિકા જુનાગઢમાં નોંધાયેલ મિલ્કત ધારકો કે જેને વર્ષ-૨૦૨૪-૨૫ ના વર્ષનો સંપૂર્ણ મિલ્કત વેરો ભરપાઈ કરેલ છે. તે તમામ મિલ્કત ધારકોને મહાનગર-પાલિકા,જુનાગઢ તરફથી મિલ્કત વેરો ભર્યાની ઓરીજનલ પહોંચ રજુ કર્યેથી વિના મુલ્યે ૨-નંગ ૧૦ લીટર ડસ્ટબીન (બ્લુ અને લીલી)નું ઘર વેરા શાખાના વોર્ડ નં.૧ થી ૧૩ અને ૨૨ ના શહેરીજનો માટે શહેરી મિલ્કત ધારકો માટે સ્થળ: શામળદાસ ગાંધી ટાઉનહોલ ખાતે તેમજ ઘર વેરા શાખાના વોર્ડ નં.૧૪,૧૫ અને ૧૬ના શહેરીજનો માટે દોલતપરા ઝોનલ ઓફીસ ખાતે અને ઘર વેરા શાખાના વોર્ડ નં.૧૭ અને ૧૮ના શહેરીજનો માટે જોશીપુરા ઝોનલ ઓફીસ (સોરઠ ભવન) ખાતે અને વોર્ડ નં.૧૯,૨૦ અને ૨૧ના શહેરીજનો માટે ટીંબાવાડી ઝોનલ ઓફીસ ખાતેથી વિતરણ કરવાની કામગીરી તાઃ૧૪/૯/૨૦૨૪ થી ૧૬/૯/૨૦૨૪ શનિવારથી સોમવાર સુધી જાહેર રજાના કારણે ડસ્ટબીન વિતરણ બંધ રહેશે.જેની તમામ મિલકત ધારકોએ નોંધ લેવી. તેમજ તાઃ૧૭/૯/૨૦૨૪થી રાબેતા મુજબ ડસ્ટબીન વિતરણ ચાલુ રહેશે જેમાં જે મિલકત ધારકોએ ઓનલાઈન માધ્યમથી સંપૂર્ણ મિલ્કત વેરો વર્ષઃ૨૦૨૪-૨૫ સુધીનો ભરેલ હોય તેઓને ઓનલાઈન વેરો ભર્યાની રીસીપ્ટ (હાર્ડ કોપી સ્વરૂપે) અને આધાર કાર્ડની ઝેરોક્ષ લઈને આવવાનું રહેશે.તેમજ ઓફલાઈન (રોકડ) દ્વારા સંપૂર્ણ મિલ્કત વેરો વર્ષઃ૨૦૨૪-૨૫ સુધીનો ભરેલ હોય તેઓએ મહાનગર પાલિકા,જુનાગઢ દ્વારા આપવામાં આવતી ઓરીજીનલ રીસીપ્ટ (હાર્ડ કોપી સ્વરૂપે) રજુ કરવાની રહેશે. તેમજ મિલકત ધારકોએ સંપૂર્ણ મિલ્કત વેરો વર્ષઃ૨૦૨૪-૨૫ સુધીનો ભરેલ હોય તેઓને તાઃ૩૧/૦૩/૨૦૨૫ સુધી ડસ્ટબીન (બ્લુ અને લીલી) મળવા પાત્ર રહેશે.

# અદાણી ગ્રૂપ સ્વિસ કોર્ટની કોઈપણ કાર્યવાહી કોઈપણ રીતે સંકળાયેલું કે સંડોવાયેલું નથી માધ્યમો જોગ નિવેદન

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૪

અદાણી ગ્રૂપ સ્વિસ કોર્ટની કોઈપણ કાર્યવાહી કોઈપણ રીતે સંકળાયેલું કે સંડોવાયેલું નથી તેમજ અમારી કંપનીના કોઈપણ ખાતાને કોઈ સત્તાધિશો દ્વારા જપ્ત કરવામાં આવ્યા નથી.અદાણી ગૃપ સામે પ્રસ્તુત કરવામાં આવેલા પાયાવિહોણા આરોપોને સ્પષ્ટપણેનકારી કાઢીએ છીએ. પ્રસાર માધ્યમો જોગ કરેલા નિવેદનમાં અદાણી ગૃપે વધુમાં જણાવ્યું છે કે સ્વિસ કોર્ટના કથિત આદેશમાં પણસ્વિસ કોર્ટે ના તો અમારી જૂથની કંપનીઓનો ઉલ્લેખ કર્યો છે અને ના તો અમને આવી કોઈ સત્તા અથવા નિયમનકારી સંસ્થા તરફથી સ્પષ્ટતા અથવા માહિતી માંગતી કોઈ વિનંતીઓ મળી છે. આ તકે અમે વધુ એક વાર એ બાબતનો પુનરોચ્ચાર કરીએ છીએ કે અમારૂ વિદેશી હોલ્ડિંગનું સમગ્ર માળખું પારદર્શક તથા સંપૂર્ણ રીતે જાહેર અને તમામ સંબંધિત કાયદાઓ સાથે સુસંગત છે. આ આક્ષેપો સ્પષ્ટ રીતે અવિચારી, અતાર્કિક અને વાહિયાત છે. અમારા જૂથની પ્રતિષ્ઠા અને બજાર મૂલ્યને અફર ન થઈ શકે તેવું નુકસાન પહોંચાડવા માટે સમાન જૂથો દ્વારા આ એક વધુ સંગઠિત અને પ્રચંડ પ્રયાસ છે તેમ જણાવવામાં અમોને કોઈ સંકોચ કે ખચકાટ નથી.ર અદાણી ગ્રૂપ તમામ કાનૂની અને નિયમનકારી જરૂરિયાતો સાથે પારદર્શિતા અને તેના પાલન માટે અડગપણે પ્રતિબદ્ધ છે. આ પ્રયાસની સખત નિંદા કરવા સાથેસંબંધિત તમામને આવીમનઘડંતબાબતો પ્રકાશિત કરવાથી દૂર રહેવા અમેવિનંતી કરીએ છીએ. આમ છતાં જો આ બાબતમાં આગળ વધવાનું નક્કી કરો તો તે સમયે અમારા નિવેદનનો પણ સંપૂર્ણ સમાવેશ કરવા અમે વિનંતી કરીએ છીએ.

# વિસાવદર તાલુકાનો સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૧ ફેબુઆરીના યોજાશે


જૂનાગઢ, તા.૧૪

મુખ્યમંત્રીશ્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે અને તાલુકા કક્ષાના પ્રશ્નોના ઉકેલ માટે લોકોએ તેમની ફરિયાદ રજૂ કરવા માટે ઉચ્ચ કક્ષા સુધી ન જવું પડે તે માટે તાલુકા કક્ષાએ સ્વાગત ઓનલાઈન કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિસાવદર તાલુકા માટે તા.૨૫/૯/૨૦૨૪ના સવારે ૧૧ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસટ્રેટ કચેરી, તાલુકા સેવા સદન, વિસાવદર ખાતે યોજાશે.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી

## સૂર્યમાંથી આવતા હાનિકારક અલ્ટ્રાવાયોલેટ કિરણોથી અનેક પ્રકારની બીમારીઓ લઈને ચિંતિત બની પર્યાવરણ અને પ્રકૃતિનું સંવર્ધન કરીએ : પ્રો.(ડો) ચેતન ત્રિવેદી






જૂનાગઢ, તા.૧૪

ભક્તકવિ નરસીંહ મહેતા યુનિનાં લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટ દ્વારા પૃથ્વીનાં કવચ સમાન ઓઝોન વાયુનાં રક્ષણાત્મક કવચની જાગૃતિ આપતું પ્રદર્શન અને જાગૃતિ શિબીરનું કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીનાં અધ્યક્ષસ્થાને આયોજન કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમને દિપ પ્રાગટ્યથી પ્રારંભ કરાવી ઉપસ્થિત વિદ્યાર્થીઓ, પ્રકૃતિવિદો, બૌધિક નગરજનોને સંબોધતા જણાવ્યુ હતુ કે પૃથ્વીપટલ ઉપર ધબકતા જૈવસૃષ્ટીનાં સંરક્ષક વાયુ આવરણ એટલે કે ઓઝોન સ્તરની ખેવના કરવા આજે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટનાં માધ્યથી આપણે સૌ એકત્રીત થયા છીએ ત્યારે વૈશ્વિક પડકાર કહી શકાય એવી વિશ્વ ઓઝોન દિવસ ૨૦૨૪ સંબંધિત કેટલાક મહત્વપૂર્ણ તથ્યોને આપણે ગંભીરતાથી લેવા જોઈએ. ઓઝોન સ્તર સૂર્યના લગભગ ૯૮% અલ્ટ્રાવાયોલેટ કિરણોને શોષી લેવામાં સક્ષમ છે. કલોરોફલોરોકાર્બન એક રાસાયણિક તત્વ છે જે ઓઝોન સ્તરને ભારે નુકસાન પહોંચાડે છે.૧૯૮૫ દરમ્યાન, એન્ટાર્કટિકામાં ઓઝોન સ્તરની આસપાસ એક છિદ્ર મળી આવ્યાનું આપણે અખબારો દ્વારા વાંચ્યુ હશે. ત્યારે આવો આપણે સૌ સૂર્યમાંથી આવતા હાનિકારક અલ્ટ્રાવાયોલેટ કિરણોથી અનેક પ્રકારની બિમારીઓ લઈને ચિંતિત બની પર્યાવરણ અને પ્રકૃતિનું સંવર્ધન કરીએ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિ.નાં લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટ દ્વારા વિદ્યાર્થીઓને રજીસ્ટ્રેશન દરમ્યાન અલગ અલગ પ્રકારની ઔષધિય વનસ્પતિનાં બીજ આપવામાં આવ્યા હતા. સાથે યુનિ.માં જૈવીક ઘન-પ્રવાહી કચરાને સૈન્દ્રીય ખાતરમાં પરિવર્તિત કરી યુનિ. કેમ્પસનાં છોડને સિંચવાનો નવતર પ્રયાસ સરાહનિય છે.

કાર્યક્રમનાં મુખ્ય વક્તા અને સૌરાષ્ટ્ર યુનિ.નાં બાયો સાયન્સ ડિપાર્ટમેન્ટનાં વડા પ્રો.(ડો.) રમેશ કોઠારીએ પોતાનાં ઓઝોન જાગૃતિ વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે દર વર્ષે ૧૬ સપ્ટેમ્બરે વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી ઓઝોન સ્તરના રક્ષણ માટે જાગૃતિ કેળવવા ઉજવીએ છીએ. ઓઝોન સ્તર આપણી પૃથ્વીના રક્ષણાત્મક કવચ તરીકે કામ કરે છે. આ દિવસ આપણને બધાને ઓઝોનના વિકાસને સમૃદ્ધ અને મજબૂત બનાવવાની પ્રેરણા આપે છે. ઓઝોન સ્તર આપણને હાનિકારક અલ્ટ્રાવાયોલેટ કિરણો (યુવી-રે) થી રક્ષણ આપે છે, ઓઝોન સ્તરને વધુ પડતા રાસાયણિક નુકસાનથી બચાવવાની જવાબદારી તો છે સાથે સાથે એક મહત્વપૂર્ણ પર્યાવરણીય ચિંતા માનવામાં આવે છે. આ પ્રસંગે બ્રહ્માનંદ ડીસ્ટ્રીક્ટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરમાંથી પધારેલ પ્રતાપ ઓરાએ પ્રાસંગિક વકતવ્યમાં ઓઝોન સ્તરની ઉપયોગીતા અને પર્યાવરણિય ખલેલ વિષયે વાત કરી જણાવ્યુ હતુ કે ઓઝોન સ્તર પૃથ્વી પર પડતા યુવી કિરણોથી જૈવસૃષ્ટીને રક્ષણ આપતુ હોવાથી આપણી પૃથ્વી માટે રક્ષણાત્મક કવચનું કામ કરે છે અને તેના વિના આપણે સ્વસ્થ જીવન જીવી શકીશું નહીં. તેથી, આપણે આપણા ઓઝોન સ્તરને વિનાશથી બચાવવા માટે યોગ્ય પહેલ કરવી પડશે. ઓજોન દિવસની ઉવજણી સંદર્ભે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં ગેલેરીમાં લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટમાં અનુસ્નાતક ભવનમાં અભ્યાસ કરતા અને શોધ સ્કોલર્સ વિદ્યાર્થીઓ, શહેરની વિવિધ સાયન્સ કોલેજોનાં વિદ્યાર્થીઓ, દ્વારા ઓઝોન વાયુનાં પૃથવી આસપાસનાં આવરણ(પડ) થી થતા લાભો અને ઓઝોન સ્તરમાં પર્યાવરણીય પ્રદુષણથી પડેલ ગાબડાથી માનવ જીવન પર થતી અસરો વિષયે વિસ્તૃત છણાવટ ભર્યુ સચિત્ર પ્રદર્શન રજુ કર્યુ હતુ.

પ્રતિવર્ષ ૧૬ સપ્ટેમ્બરે યોજાતા વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી જાહેર રજાઓને કારણે વહેલી યોજવા પાછળની વાત કરી લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટનાં વડા પ્રો.(ડો.) સુહાસ વ્યાસે આમંત્રીત અતિથીઓને આવકારી દિવસની ઉજવણી પાછળનો હેતુ ઓઝોન સ્તરને સુરક્ષિત કરવાનો છે તેમ જણાવ્યુ હતુ. લોકોને/ વિદ્યાર્થીઓને ઓઝોન સ્તર વિશે પણ જાગૃત કરવામાં ઉજવણી અંગે હાર્દ રજુ કરી ડો. વ્યાસે જણાવ્યુ કે ઓઝોન સ્તરને બચાવવા માટે જાગૃતિ અભિયાન સાથે, વૈજ્ઞાનિકો નવા રસ્તાઓ પણ શોધી રહ્યા છે. વૈજ્ઞાનિકો છેલ્લા ઘણા સમયથી ઓઝોન સ્તરની પરતમાં થઈ રહેલ નુકસાનને લઈને ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. કાર્યક્રમ દરમ્યાન ઓઝોન અંગે પોસ્ટર ચિત્ર પ્રદર્શનમાં અવ્વલ કૃતિઓ રજુ કરનાર વિદ્યાર્થીઓને મહાનુભાવોનાં હસ્તે પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનાં પ્રારંભે ડો. સંદિપ ગામીતે અતિથીઓનો પરિચય અને કાર્યક્રમનાં અંતે ડો. જતિન રાવલે આભારદર્શન કર્યુ હતુ. કાર્યક્રમનું સફળ સંચાલન શોધ સ્કોલર ધ્રુવિશા મહેતા અને નિરાલી નંદાણિયાએ સંભાળ્યુ હતુ. કાર્યક્રમમાં યુનિ.નાં સોશ્યલ સાયન્સ ડિપાર્ટમેન્ટનાં વડા પ્રો. જયસિંહ ઝાલા, કોમર્સ ડિપાર્ટમેન્ટનાં વડા પ્રો. ભાવસિંહ ડોડીયા, ડો. રાજેશ રવિયા, ડો.દુશ્યંત દુધાગ્રા સહિત શહેરની સાત જેટલી સાયન્સ કોલેજોનાં પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# જીએસટી અને અર્થવ્યવસ્થા

જુલાઈની તુલનામાં ઓગસ્ટમાં શુદ્ધ જીએસટી કર સંગ્રહ બેશક ૯.૨ ટકા ઘટ્યો છે, તેમ છતાં પાછલા વર્ષની સમાન અવધિની તુલનામાં વાર્ષિક આધાર પર જીએસટીમાં લગભગ દસ ટકાનો વધારો સરકારની મજબૂત થતી રાજસ્વ-સ્થિતિને ઈંગિત તો કરે જ છે, સાથે જ સકલ જીસટી સંગ્રહથી અર્થવ્યવસ્થામાં તેજીનો સંકેત પણ મળે છે. અસલમાં જુલાઈ અને ઓગસ્ટ, ૨૦૨૩માં સકલ જીએસટી સંગ્રહ અનુક્રમે ૧.૬૬ અને ૧.૫૯ લાખ કરોડ રૂપિયા રહ્યું હતું, જ્યારે વર્તમાન નાણાંકીય વર્ષમાં કુલ જીએસટી સંગ્રહમાં ગયા વર્ષની સમાન અવધિથી લગભગ ૧૦.૧ ટકાનો વધારો ખરેખર ઉત્સાહ વધારનારો છે. આ વૃદ્ધિ કરોના આધારમાં થઈ રહેલ વિસ્તારને રેખાંકિત કરે છે અને સાથે જ એ પણ કે મહામારીના પડકારોથી ઉગર્યા બાદ દેશની અર્થવ્યવસ્થાએ મહત્ત્વપૂર્ણ પ્રગતિ કરી છે. તે ઉપરાંત, એ સંકેત પણ મળે છે કે ડિજિટલીકરણ અને ઈ-વે બિલ જેવા સુધારાત્મક ઉપાય પ્રભાવી સાબિત થઈ રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે જીએસટી ભારતીય કરાધાનના ઈતિહાસમાં એક ઐતિહાસિક સુધાર કરી રહ્યો છે અને એક જુલાઈ, ૨૦૧૭ના રોજ શરૂ થયા બાદથી તેને લઈને આશા વધી જ છે. જીસટીએ એક તરફ સમગ્ર કર વ્યવસ્થાને વધુ કુશળ અને સરળ બનાવી છે, તો બીજી તરફ, તેણે ક્ષેત્રીય અસમાનતાઓને પણ ઓછી કરી છે. જોકે પહેલાં મોટાભાગના કર ઉત્પાદન પર આધારિત હતા, તેથી તેનાથી મળનારો રાજસ્વનો મોટાભાગનો હિસ્સો ઉત્પાદક રાજ્યોને મળતો હતો. પરંતુ જીએસટી વ્યવસ્થા અંતર્ગત કર રાજસ્વ એ રાજ્યોને મળે છે, જ્યાં ઉપભોગ થાય છે, જેનાથી કમજોર ઉપભોક્તા રાજ્યોને ફાયદો થયો છે. નિઃસંદેહ જીસટીના મોડલે જટિલ કર સુધારાનો માર્ગ પ્રશસ્ત કર્યો છે, પરંતુ કેટલાક પડકારો હજુ પણ છે. કેટલાય નાના અને મધ્યમ વ્યવસાયો એવા છે જે કર પ્રણાલીની બહાર છે કે સંપૂર્ણરીતે પાલન નથી કરી શકતા. સરકારે સુનિશ્ચિત કરવું પડશે કે જીએસટીના ફાયદા તમામ વર્ગો સુધી સમાન રૂપે પહોંચે અને તે પણ આ પ્રણાલીનો હિસ્સો બને.

એ પણ મહત્ત્વપૂર્ણ છે કે સમગ્ર કર વ્યવસ્થાને સરળ અને પારદર્શી બનાવવામાં આવે, જેથી નાના વેપારીઓ માટે તેને સમજવું અને પાલન કરવું આસાન થઈ શકે. તે ઉપરાંત, જીએસટી રાજસ્વ વધારવા માટે જરૂરી છે કે પેટ્રોલ અને પેટ્રોલિય પેદાશો સહિત અર્થવ્યવસ્થાનાં વધુને વધુ ક્ષેત્રો એમાં આવરી લેવામાં આવે.

જોકે જીએસટીની સંરચના હજુ પણ વિકસિતથઈ રહી છે, દેખીતું છે કે ભવિષ્યમાં જીએસટી સામે અવસર અને પડકારો બંને હશે. હવે એ જીએસટી પરિષદ પર નિર્ભર છે કે તે પડકારોને જુએ અને બહેતર કર પ્રશાસનના અવસરોને ઓળખે.

### ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનો વિરોધ

# ઈન્ડિયન કલ્ચરને અન્ય અભ્યાસક્રમ સાથે મર્જ કરી દેવાતા વિદ્યાર્થીઓ રઝળ્યા

## ચાલુ વર્ષે નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનો દાવો છે કે અધવચ્ચે જ કોર્સને અન્ય કોર્સ સાથે મર્જ કરાય છે અને બંને કોર્સમાં મોટો તફાવત છે

અમદાવાદ, તા.૧૪

ગુજરાત યુનિવર્સિટીના સમાજવિદ્યાભવનમાં ઈન્ડિયન કલ્ચર નામના અભ્યાસક્રમના વિદ્યાર્થીઓએ ભણતર ચાલુ થયા બાદ અધવચ્ચેથી રઝળી પડવાનો વારો આવ્યો છે. ચાલુ વર્ષે નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનો દાવો છે કે સમાજવિદ્યા ભવનમાં ચાલતા ઈન્ડિયન કલ્ચરનો અભ્યાસક્રમ અન્ય વિભાગ સાથે મર્જ કરી દેવામાં આવ્યો છે. જેથી વિદ્યાર્થીઓ મૂંઝવણમાં મુકાયેલા છે. ઈન્ડિયન કલ્ચર ડિપાર્ટમેન્ટમાં ૨૫ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. તેમનો અભ્યાસ શરૂ થયા બે મહિના જેટલો સમય થઈ ગયો.

અમદાવાદમાં એક માત્ર ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં માસ્ટર લેવલનો ઈન્ડિયન કલ્ચર કોર્સ ચાલે છે. જોકે આ વિદ્યાર્થીઓને અધવચ્ચે જ તેમના કોર્સને અન્ય કોર્સ સાથે મર્જ કરી દેવામાં આવ્યો છે. એટલે કે ઈન્ટરનેશનલ સ્ટડી સેન્ટરમાં ચાલતા ઈન્ડિયન કલ્ચરએન્ડ સાયન્સ નામના કોર્સ સાથે મર્જ કરી દેવાતા વિદ્યાર્થીઓ અટવાઈ ગયા છે. વિદ્યાર્થીઓનો દાવો છે કે તેમના મૂળ કોર્સમાં અને મર્જ કરાયેલ કોર્સમાં મોટો તફાવત છે. સરકારી અથવા તો તેમના વિષય સંદર્ભે જાહેરાત આવે તો કોર્સના નામ અલગ અલગ હોવાના કારણે સમસ્યા સર્જાઈ શકે છે. વિદ્યાર્થીઓનો એ પણ કેવું છે કે નેટ અને સ્લેટ જેવી પરીક્ષાઓમાં 'ઈન્ડિયન કલ્ચર એન્ડ સાયન્સ 'એવો કોઈ વિષય નથી હોતો. બાબતે વિદ્યાર્થીઓ દ્વારા યુનિવર્સિટી સત્તાધીશોને રજૂઆત કરવામાં આવી છે પરંતુ કોઈ નિવેડો નથી આવ્યો. જો કે કુલપતિ વિદ્યાર્થીઓના દાવાઓ ને નકારી રહ્યા છે.

આ મુદ્દે કુલપતિ નિરજા ગુપ્તાએ જણાવ્યુ કે ઈન્ડિયન કલ્ચરનો અભ્યાસ ક્રમ રાજ્યશાસ્ત્રના ડિપાર્ટમેન્ટ દ્વારા ચલાવવામાં આવતો હતો. હાલ યુનિવર્સિટીમાં ઈન્ડિયન નોલેજ સિસ્ટમ નામથી એક વિભાગ છે, આથી ઈન્ડિયન કલ્ચરને પોલિટિકલ સાયન્સમાંથી કાઢીને ઈન્ડિયન નોલેજ સિસ્ટમમાં ટ્રાન્સફર કરાયુ છે.

### મેશ્વો નદીમાં ગણેશ વિસર્જન વખતે એક મોટી દુર્ઘટના

# ગાંધીનગરમાં ગણેશ વિસર્જન વખતે આઠ લોકોના મોત થયા

## ૧૦ જેટલાં લોકો દહેગામમાં વાસણા સોગઠી ગામે વહેતી મેશ્વો નદીમાં આવેલા ચેકડેમમાં ન્હાવા કૂદ્યા હતા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતે આવેલી મેશ્વો નદીમાં ગણેશ વિસર્જન વખતે એક મોટી દુર્ઘટનાના સમાચાર સામે આવ્યા છે. જોકે આખા ગામમાં આ ઘટનાને લઈને માતમ પ્રસરી ગયું હતું કેમ કે ૧૦ જેટલાં લોકો દહેગામમાં વાસણા સોગઠી ગામે વહેતી મેશ્વો નદીમાં આવેલા ચેકડેમમાં ન્હાવા કૂદ્યા હતા અને આ દરમિયાન જ ડૂબી જવાથી લગભગ ૮ લોકો મૃત્યુ પામી ગયા હતા જ્યારે ૨થી વધુ લોકોને શોધવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. રાહત અને બચાવ ટુકડી સહિત પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

આજે વાસણા સોરઠી ગામે ગણેશ વિસર્જનનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. જેથી ગામમાં ધામધૂમથી ગણેશજીને વિદાય આપવાની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ હતી. ગણેશ વિસર્જન માટે ગ્રામજનો મેશ્વો નદીએ જવાના હતા. તે દરમિયાન ગામના કેટલાક યુવાનો અગાઉથી નદીએ પહોંચી ન્હાવા માટે કૂદ્યા હતા. ત્યારબાદ વિસર્જન માટે પાછળથી આવી રહેલા ગ્રામજનોએ આ યુવાનોને ડૂબતાં જોઈ બચાવવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ ૮ લોકો ડૂબી જતાં તેમના મોત નિપજતાં તેમના મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા. હજુ ૨ લોકો ગુમ હોવાથી શોધખોળ અને રેસ્ક્યુ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું હતું.

સ્થાનિક રહીશના જણાવ્યા અનુસાર આ યુવાનો વાસણા-સોગઠી ગામના મોટાવાસના રહેવાસી છે. જેમાંથી ૪-૫ યુવાનો કાકા-બાપાના દિકરા છે જ્યારે અન્ય મિત્ર યુવાનો છે. આ અરેરાટીભરી ઘટનાથી ગામમાં ગમગીનીભર્યું વાતાવરણ સર્જાયું છે. પોલીસ સહિતના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

ગામડાના સ્થાનિકોએ ગામના લોકોને જ્યારે આ ઘટનાની જાણ થઈ તો ઊહાપોહ મચી ગયો હતો અને મોટાભાગના લોકો દોડી આવ્યા હતા અને ડૂબી જનારા યુવાનોને બચાવવાના પ્રયાસ હાથ ધરાયા હતા. આ દરમિયાન જ નદીમાં ગણેશ વિસર્જન કરનારા લોકો મદદ કરવા દોડી આવ્યા હતા. અત્યાર સુધીમાં ૮ મૃતદેહો મળી આવતા માહોલ ગમગીન બન્યો હતો. ફાયરબ્રિગેડ, મામલતદાર, ટીડીઓ સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સ્થાનિક તરવૈયાઓએ આ યુવાઓને બચાવવાના ભરપૂર પ્રયાસ કર્યા હતા પણ મોટાભાગના યુવાનો ડૂબી જવાથી મૃત્યુ પામી ગયા હતા. જ્યારે હજુ સુધી ૨ની શોધખોળ તો ચાલી જ રહી છે.

# રાજકોટમાં દીકરીને મળવા આવેલા જમાઈ પર સાસરિયાંનો છરી-દસ્તાથી હુમલો

## સાસુ હેતલબેન જોષી અને સાળા શુભમ જોષી વિરૂદ્ધ ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધ્યો છે

રાજકોટ, તા.૧૪

રાજકોટ શહેરની પીડીએમ કોલેજ પાછળ રહેતાં અને ન્યૂઝ ચેનલમાં કેમેરામેન તરીકે નોકરી કરતાં યુવાન પર માધાપરમાં તેના સસરા, સાળા અને સાસુએ છરી, પાઈપ અને દસ્તાથી હુમલો કરી લોહીલુહાણ કરી નાખ્યાનું સામે આવ્યું છે. પત્ની દસેક માસથી માવતરે જ રહેતી હોવાથી યુવાન દર બુધવારે પાંચ માસની દીકરીને રમાડવા સસરાને ત્યાં જાય છે.

ગત રાતે પણ તે ત્યાં ગયો અને પાંચ બુધવારથી કેમ ફોન ઉપાડતાં નથી? તેમ કહી હુમલો થયો હતો.

આ મામલે હુમલામાં ઘાયલ ન્યૂઝ ચેનલના કેમેરામેન અંબાજી કડવા પ્લોટ પીડીએમ કોલેજ પાછળ રહેતાં અભય રમેશચંદ્ર ત્રિવેદી (ઉ.૩૦)ની ફરિયાદ પરથી માધાપર ગામ ઈશ્વરીયા મેઈન રોડ પર સિંધોઈનગર ચિત્રકુટ મકાન ખાતે રહેતા તેના સસરા રાજેશભાઈ જોષી, સાસુ હેતલબેન જોષી અને સાળા શુભમ જોષી વિરૂદ્ધ ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધ્યો છે.

પોલીસ ફરિયાદમાં જણાવાયા મુજબ, ચારેક વર્ષ પહેલા તેણે પ્રિયંકા રાજેશભાઈ જોષી સાથે આર્ય સમાજમાં એરેન્જ મેરેજ કર્યા છે. સંતાનમાં દિકરી છે. છેલ્લા દસેક મહિનાથી પત્ની પ્રિયંકા માવતરના ઘરે રહે છે. મારા સસરા રાજેશભાઈએ એવું નક્કી કર્યુ હતું કે મારે દિકરી વેદીકાને જોવી હોય કે રમાડવી હોય તો દર બુધવારે રાતે નવ વાગ્યાથી સાડાનવ વાગ્યા સુધી તેના ઘરે જવું અને એ પણ સસરાની હાજરી હોય ત્યારે જ જવું.

દરમિયાન ૧૧મી તારીખે બુધવાર હોઈ હું રાતે સાડા નવેક વાગ્યે મારા સસરાના ઘરે માધાપર ખાતે દિકરીને રમાડવા ગયો હતો. એ વખતે મારા સસરા, સાસુ, સાળો અને મારી પત્ની ઘરે જ હાજર હતા. હું મારી દીકરીને રમાડતો હતો ત્યારે સસરાને પુછ્યું હતું કે છેલ્લા પાંચ બુધવારથી હું તમને ફોન કરતો હતો પણ તમે કેમ મારો ફોન ઉપાડતાં નહોતાં? આ કારણે મારા સસરા ઉશ્કેરાઈ ગયા હતાં અને મને જેમ ફાવે તેમ બોલવા માંડયા હતાં.

દરમિયાન મારા સાળાએ મારી પાસેથી મારી દીકરીને લેવાનો પ્રયાસ કરતાં મેં તેને દિકરી આપી નહોતી. આથી મારા સસરા ઘરમાં પડેલી છરી લાવ્યા હતાં અને મને માથાના ભાગે આડેધડ ચાર-પાંચ ઘા મારી દીધા હતાં. આ પછી મારા સાળા શુભમે મને લોખંડના પાઈપનો ઘા માથામાં અને બંને હાથ, પગ પર ફટકારતાં ઈજાઓ થઈ હતી. હું ગમે તેમ કરીને ત્યાંથી નીકળી ગયો હતો અને મારા બાઈક પર માધાપર ચોકડીએ પહોંચ્યો હતો. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

### પ્રથમ દિવસે ૧,૮૪૮ ધજાઓ ચડાવાઈ

# ઉમિયા માતાજી મંદિરે ધજા મહોત્સવનો પ્રારંભ શરૂ

## પ્રથમ દિવસે મહેસાણા જિલ્લા પોલીસવડા સહિત અધિકારીઓએ ધજા ચડાવી

ઊંઝા, તા.૧૪

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી મંદિરે આજથી ધજા મહોત્સવ શરૂ થયો છે. જેને લઈ આજે વહેલી સવારથી શ્રદ્ધાળુઓ દર્શનાર્થે ઉમટ્યાં હતા. આજે ઉમિયા માતાજી નિજ મંદિરે ૧,૮૪૮ ધજાઓ ચડાવવામાં આવી હતી. જેમાં રૂ. ૫,૧૦૦ ની ૩૩૬ ધજા અને રૂ.૧૧૦૦ વાળી ૧,૫૧૨ ધજા ચડવામાં આવી હતી.

મહેસાણા જિલ્લા પોલીસવડા તરુણ દુગ્ગલ, ડીવાયએસપી મિલાપ પટેલ, ડીવાયએસપી ધ્રુવ સુતરીયા, ડીવાયએસપી ડી.એમ. ચૌહાણ, પીઆઈ રોમા ધડુક, પીએસઆઈ આર.બી. બોદર, પીએસઆઈ ડી. પી. ભાટી અને પોલીસ જવાનોએ વહેલી સવારે મા કુળદેવી ઉમિયા માતાજીના ચરણોમાં શિશ ઝુકાવ્યું હતું. ધજા મહોત્સવના પ્રથમ દિવસે પ્રથમ સ્લોટમાં એસપી તરુણ દુગ્ગલ સહિત પોલિસ અધિકારીઓ અને પોલીસ જવાનોએ ૨૧ ધજા ચઢાવી હતી. પોલીસ અધિકારીઓ અને પોલિસ જવાનો યુનિફોર્મમાં મંદિર પર પધાર્યા હતા.

ઊંઝા ઉમિયા બાગ ખાતે ઊંઝા પાલિકા પ્રમુખ જીજ્ઞાબેન ડી. પટેલ સહિત કેટલાંક નગરસેવકો દ્વારા ધજાની પૂજા અર્ચના કરી બાદમાં પદયાત્રા વાજતે ગાજતે ઉમિયા માતાજી પરિસરમાં પહોંચી મંદિરનાં શિખર પર ધજા ચઢાવી હતી. આ ઉપરાંત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરાએ ઈડર વિધાનસભાના માઈભક્તો સાથે આવી ૫૧ ધજાઓ ચડાવી હતી.

એસપીજીના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ પટેલે પણ ઉમિયા માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી તેમજ સ્વયંસેવક તરીકે કામ કરતા એસપીજીના કાર્યકરોને મળ્યા હતા. ઊંઝા ઉમિયા માતાજી ધજા મહોત્સવને લઈ દાસજ રોડ તરફથી આવતા ભારે વાહનો માટે ડાયવર્ઝન ઐઠોર રોડ તરફ થઈ માનબાઈ મંદિર ફલકુ નાળા તરફ આપવામાં આવ્યું છે.

### સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યા

# આંગણવાડી અને સ્કૂલ બોર્ડના ૮૮ હજાર બાળકોને રોજ ૨૦૦ એમએલ દૂધ મળશે

## રાજ્ય સરકારની યોજના મુજબ, શાળાઓ અને આંગણવાડીઓમાં દૂધ આપવામાં આવશે


અમદાવાદ, તા.૧૪

શહેરની આંગણવાડીઓના ૬૨,૦૦૦ બાળકો અને સ્કૂલ બોર્ડના ૮૮,૦૦૦ બાળકોને દરરોજ ૨૦૦ml દૂધ આપવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ની ગુરુવારે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ઉપરાંત વસ્ત્રાપુર લેક એમ્ફી થિયેટર ખાતે ફૂડ કોર્ટ બનાવવાની દરખાસ્ત મ્યુનિસિપલ કમિશનરને પરત મોકલવામાં આવી હતી. સ્થાયી સમિતિના અધ્યક્ષ દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, "AMC ૨,૧૩૫ આંગણવાડી કેન્દ્રો ચલાવે છે.ત્રણથી છ વર્ષની વયના ૬૨,૨૬૩ બાળકોને દરરોજ ૨૦૦ml દૂધ આપવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.

જો કે, અમે બોર્ડની શાળાઓમાં ધોરણ ૧ થી ૫ સુધીના બાળકોને અઠવાડિયામાં ત્રણ દિવસ ૨૦૦ml દૂધ આપવા માટે પણ તેમાં સુધારો કર્યો છે.

રાજ્ય સરકારની યોજના મુજબ, શાળાઓ અને આંગણવાડીઓમાં દૂધ આપવામાં આવશે.''

# જૂનાગઢ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે જલજીલણી ઉત્સવ

જૂનાગઢ તા.૧૪ : જૂનાગઢના જવાહર રોડ સ્થિત શ્રિ સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે આવતીકાલે સવારે ૧૧-૩૦ વાગ્યે જલજીલણી સમૈયા ઉજવાશે. પુ.આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના આશિર્વાદથી ચેરમેન પુરૂષોતમપ્રકાશદાસજી(પીપી સ્વામી)તથા કોઠારી પ્રેમસ્વરૂપદાસજી માર્ગદર્શન હેઠળ મંદિર પરીસરમાં એક ભવ્ય પાણીનો હોજ બનાવવામાં આવશે. જેમાં સંતો, હરીભકતોની ઉપસ્થિતીમાં ભગવાનને નૌકા વિહાર કરાવવામાં આવશે અને આવનાર વર્ષ ખેડૂતો અને આમ જનતા માટે ખુબ સારૂ નીવડે અને ખુબ જ સારૂ ધાન્ય અનાજ ઉત્પાદન થાય તે માટે સંતો પ્રાર્થના કરશે તો આ અવસરે ધર્મપ્રેમી જનતાને પધારવા પ્રફુલભાઈ કાપડીયાએ જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

કષ્ટને સહન કરવાથી જ અનુભવની પ્રાપ્તિ થાય છે.

- ગાંધીજી

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.અર્દીબહેસ્ત-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, ભાદરવા સુદ-૧૧ પરિવર્તની એકાદશી તા.૧૪ સપ્ટેમ્બર ૨૦૨૪, શનિવાર, પારસી તા.૧, મુસ્લિમ તા.૧૦, ઉત્તરાષાઢા નક્ષત્ર, શોભન યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૩૭, સૂ.અ.૬:૫૫

આજનો દિવસ સામાન્ય છે.


આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ચિંતાનો ઉકેલ મળે. કાર્યમાં સફળતા મળે.
વૃષભ:મનની ઈચ્છા ફળે. મહત્વના કાર્યમાં પ્રગતિ થાય.
મિથુન:વાહનથી સંભાળવું હિતાવહ. નવિન આર્થિક લાભ મળે.
કર્ક: પ્રિયજનથી વિરહ રહે. ધંધાના કાર્યોમાં સફળતા મળે.
સિંહ: વ્યર્થ માનસિક ચિંતા સતાવે. ઉચ્ચાટ ભર્યો દિવસ વ્યતિત થાય.
કન્યા: કૌટુંબિક કાર્યોમાં સફળતા મળે. યશ, માન, કીર્તિ મળે.
તુલા: માંગલિક કાર્યોમાં ધન વ્યય થાય. મહત્વના પ્રશ્નોનો નિકાલ.
વૃશ્ચિક:રોકાયેલા નાણાં છૂટા થાય. મકાન-જમીનને કાર્યોમાં સફળતા
ધન: જીવનસાથીના સહકારથી કાર્યમાં સફળતા મળે.
મકર: સામા પ્રવાહમાં ચાલતા હોઈએ તેવું લાગે, વ્યર્થ દોડ કરવી પડે.
કુંભ: ધન હાનિના યોગ હોઈ સંભાળવું. પ્રવાસમાં નિષ્ફળતા મળે.
મીન: ગૃહજીવનમાં ચકમક ઝરે. નવા લાભની આશા ફળે.

# ઉનાના નવાબંદર જેટી પર ગણપતિજી બાપાની સ્થાપના કરાઈ

## ગણપતિ બાપાના પંડાલમાં જેટીનું એક પ્રોજેક્ટ જેવું પ્રદર્શન ગોઠવતા લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું




(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૧૪

ઉનાના નવાબંદર ગામે દરીયા કિનારે નવી જેટી બનાવવાની કામગીરી શરૂ છે. ત્યારે આ દરીયા કિનારે જેટી પર ગણેચતુર્થીના દિવસે ગણપતિજી બાપાની સ્થાપના કરવામાં આવી છે. જોકે આ દરીયા કિનારે જે રિતે નવી જેટીની કામગીરી થઈ રહી છે તેવીજ રીતે ગણપતિ બાપાના પંડાલમાં જેટીનુ એક પ્રોજેક્ટ જેવું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. નવાબંદર દરીયા કાંઠે જેટીનો પ્રોજેક્ટ છે તેમાં જે રિતે બનાવવામાં આવી રહ્યુ છે તેવી રીતે કાંઠા પરથી દરિયામાં લઈ જવાતા મોટા મોટા બ્લોક ટ્રકમાં ભરીને જતા હોય તેવાં દ્રશ્યો જોવા મળે છે. જે લોકોનું આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. અને અહીં જેટી પર કામ કરતા કર્મચારીઓ ગણપતિ બાપાની સેવા પૂજા અર્ચના આરતી કરે છે. અને અહી ગામનાં અને આજુબાજુ વિસ્તારનાં બહોળી સંખ્યામાં લોકો ગણેજીના દર્શને આવી ધન્યતા અનુભવે છે.

# ICCના સૌથી યુવા ચેરમેન તરીકે નિયુક્ત થયા બાદ પહેલીવાર જય શાહ શ્રી કષ્ટભંજન હનુમાન દાદાના દર્શને તથા સંતોના આશીર્વાદ મેળવ્યા



(પ્રતિનિધિ દ્વારા) સાળંગપુર તા.૧૪

સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે ICCના સૌથી યુવા ચેરમેન તરીકે નિયુક્ત થયાબાદ પહેલીવાર જય શાહ સાળંગપુર હનુમાનજી મંદિર ખાતે પહોંચ્યા હતા અને હનુમાન દાદાની પૂજા અર્ચના કરી હતી અહીં તેઓએ હનુમાનજીની આરતી કરી હતી. આ સાથે જ બીસીસીઆઈ સચિવે સ્વામીનારાયણ સંપ્રદાયના કોઠારીશ્રી વિવેકસાગર સ્વામી, પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) સહિત સંતોના આશીર્વાદ મેળવી અને ધન્યતા અનુભવી હતી.

# કેબિનેટની ૭૦ વર્ષ અને તેથી વધુ વયના તમામ લોકો માટે રૂા. ૫ લાખના સ્વાસ્થ્ય વીમા કવચને મંજૂરી

## આયુષ્માન ભારત- વિશ્વની સૌથી મોટી વીમા યોજના - હાલમાં સૌથી ગરીબ ૪૦ ટકા લોકોને વાર્ષિક રૂા.૫ લાખનું કવરેજ પૂરૂ પાડે છે




નવી દિલ્હી તા.૧૪

આ નિર્ણયથી ૪.૫ કરોડ પરિવારમાંથી લગભગ ૬ કરોડ વધારાના લાભાર્થીઓ ફ્લેગશિપ સ્કીમમાં જોડાશે. યુનિયન કેબિનેટે આયુષ્માન ભારત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના (AB PM-JAY)ના વિસ્તરણને મંજૂરી આપી હતી જેથી "૭૦ વર્ષ અને તેથી વધુ વયના તમામ વરિષ્ઠ નાગરિકોને તેમની આવકને ધ્યાનમાં લીધા વિના" આરોગ્ય કવરેજ પ્રદાન કરી શકાય. કેબિનેટની બેઠક બાદ નિર્ણયની ઘોષણા કરતા કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે આને "ટૂંક સમયમાં જ બહાર પાડવામાં આવશે." હાલમાં, આ યોજના આવક-આધારિત છે અને લાયક પરિવારોના તમામ સભ્યોને રૂા.૫ લાખનું વહેંચાયેલ વાર્ષિક કવરેજ પ્રદાન કરે છે જેમાં તેમની ઉંમરને ધ્યાનમાં લીધા વિના આર્થિક રીતે નબળી ૪૦% વસ્તીનો સમાવેશ થાય છે. કેબિનેટે યોજનાના વિસ્તરણને મંજૂરી આપતાં, ૭૦ વર્ષ અને તેથી વધુ ઉંમરના તમામ નાગરિકોને કુટુંબ દીઠ રૂા.૫ લાખ વાર્ષિક કવરેજ પ્રદાન કરવામાં આવશે. સરકારી નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, આ વયજૂથમાં ૪.૫ કરોડ પરિવારોમાંથી વધારાના ૬ કરોડ લોકોને લાભ થવાની અપેક્ષા છે. પાત્ર લાભાર્થીઓનu PM-JAY હેઠળ નવું કાર્ડ આપવામાં આવશે. નિવેદનમાં જણાવાયું છે કે,વધુમાં, "૭૦ વર્ષ અને તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકો જેઓ AB PMJAY હેઠળ પહેલાથી જ આવરી લેવામાં આવ્યા છે તેઓ તેમના માટે વાર્ષિક રૂા.૫ લાખ સુધીનું વધારાનું (વહેંચાયેલ) ટોપ-અપ કવર મેળવશે." તેમાં જણાવ્યું હતું કે,"૭૦ વર્ષ અને તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકો કે જેઓ પહેલાથી જ કેન્દ્ર સરકારની આરોગ્ય યોજના (CGHS), પૂર્વ સૈનિક યોગદાન આરોગ્ય યોજના (ECHS), આયુષ્માન કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ (CAPF) જેવી અન્ય જાહેર આરોગ્ય વીમા યોજનાઓનો લાભ લઈ રહ્યાં છે. તેઓ કાં તો તેમની હાલની સ્કીમ પસંદ કરે અથવા AB PMJAYને પસંદ કરે તે સ્પષ્ટ કરવામાં કહેવામાં આવ્યું છે.

૭૦ વર્ષ અને તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકો કે જેઓ ખાનગી આરોગ્ય વીમા પોલિસી અથવા કર્મચારી રાજ્ય વીમા યોજના હેઠળ છે તેઓ AB PM-JAY હેઠળ લાભ મેળવવા માટે પાત્ર હશે," હેલ્થ કવરેજ સ્કીમનો વિસ્તાર કરવો એ આ વર્ષની શરૂઆતમાં લોકસભાની ચૂંટણીમાં ભાજપના ચૂંટણી વચનનો એક ભાગ હતો. સરકારે તેના નિવેદનમાં જણાવ્યું હતું કે, "૭૦ વર્ષ અને તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને કવરના વિસ્તરણની જાહેરાત વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા એપ્રિલ ૨૦૨૪માં કરવામાં આવી હતી." જ્યારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ અગાઉ સંસદમાં તેમના સંબોધનમાં યોજનાના વિસ્તરણનો ઉલ્લેખ કર્યો હતો, ત્યારે કોઈ નોંધપાત્ર બજેટ ફાળવણી કરવામાં આવી ન હતી. જ્યારે આયુષ્માન ભારત યોજના સાર્વત્રિક આરોગ્ય કવરેજ માટે તૈયાર કરવામાં આવી હતી, ત્યારે સંપૂર્ણ કવરેજ મેળવનાર આ પ્રથમ વય જૂથ હશે. વૈષ્ણવે સમજાવ્યું કે આરોગ્ય કવરેજ કુટુંબના પાત્ર લાભાર્થીઓ દ્વારા વહેંચવામાં આવશે. "જો પરિવારમાં બે વરિષ્ઠ નાગરિકો (૭૦ વર્ષ+) હોય, તો તેમની વચ્ચે રૂા.૫ લાખનું કવરેજ વહેંચવામાં આવશે. તેમણે કહ્યું કે, ખાસ કરીને જ્યારે ભારત ન્યૂક્લિયસ પરિવારો તરફ આગળ વધી રહ્યું છે ત્યારે વરિષ્ઠ નાગરિકોની સામાજિક સુરક્ષા સુનિશ્ચિત કરવાની દિશામાં આ એક મોટું પગલું છે."

વૈષ્ણવે જણાવ્યું હતું કે, "ગરીબ પરિવારોના વરિષ્ઠ નાગરિકો (૭૦ વર્ષથી વધુ) કે જેઓ પહેલાથી જ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા હતા, તેમના માટે જ રૂા.૫ લાખનું વધારાનું ટોપ-અપ કવરેજ હશે," તેમણે કહ્યું, યોજનાનો પ્રારંભિક ખર્ચ ૩,૪૩૭ કરોડ રૂપિયા હશે. "આ માંગ આધારિત યોજના છે; જેમ જેમ માંગ વધશે તેમ તેમ કવરેજ પણ વધશે, તે ટૂંક સમયમાં બહાર પાડવામાં આવશે અને વરિષ્ઠ નાગરિકોને નોંધણી કરવા વિનંતી કરવામાં આવે છે." સરકારના નિવેદન મુજબ, PM-JAY, જે વિશ્વની સૌથી મોટી જાહેર ભંડોળવાળી આરોગ્ય ખાતરી યોજના છે, તેમાં અત્યાર સુધીમાં ૧ લાખ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે ૪૯ ટકા મહિલા લાભાર્થીઓ સહિત ૭.૩૭ કરોડ હોસ્પિટલમાં દાખલ થયા છે. મીડિયા દ્વારા અગાઉ અહેવાલ આપ્યા મુજબ, આ વર્ષની શરૂઆત સુધી ૭૦ વર્ષથી વધુ વય જૂથના લોકો હોસ્પિટલમાં કુલ પ્રવેશના ૧૨% અને PM-JAY હેઠળ કુલ વળતરના ૧૪% હિસ્સો ધરાવે છે. સત્તાવાર ડેટા દર્શાવે છે કે યોજના હેઠળ, કાર્ડિયોલોજી ખર્ચના ચાર્ટમાં ટોચ ઉપર છે, ત્યારબાદ સામાન્ય દવા, જનરલ સર્જરી, ઓર્થોપેડિક્સ અને મેડિકલ ઓન્કોલોજી આવે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે મોટાભાગના રાજ્યો બિલના ૪૦% ભોગવશે જ્યારે ૯૦% ખર્ચ પર્વતીય વિસ્તારો અને ઉત્તરપૂર્વના રાજ્યો માટે કેન્દ્ર દ્વારા ઉઠાવવામાં આવે તેવી શક્યતા છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે,"આ ગોઠવણ અંગે પછીથી કામ કરવામાં આવશે. એકવાર નિર્ણય લેવામાં આવે તે પછી તે અમલીકરણના તબક્કે થશે." લોન્ગીટ્યુડિનલ એજિંગ સ્ટડી ઈન ઈન્ડિયા (LASI) અનુસાર, ૬૦ વર્ષથી વધુ ઉંમરની ભારતની વસ્તી ૨૦૧૧માં ૮.૬%થી વધીને ૨૦૫૦ સુધીમાં ૧૯.૫% થવાનો અંદાજ છે. ઈન્ડિયા એજિંગ રિપોર્ટ ૨૦૨૩ મુજબ, આ વય જૂથમાં આરોગ્ય કવરેજ લગભગ ૨૦% છે, મોટે ભાગે CGHS, કર્મચારી રાજ્ય વીમા યોજના, રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના, સહકારી સ્વાસ્થ્ય વીમા યોજનાઓ, નોકરીદાતા પાસેથી તબીબી ભરપાઈ અથવા ખાનગી રીતે ખરીદેલ સ્વાસ્થ્ય વીમા હેઠળ આવે છે.

# પૂરથી અસગ્રસ્ત નાના-લઘુ અને મધ્યમ વર્ગના વેપાર-વાણિજ્ય માટે રાહત બચાવ પેકેજ જાહેર

### મુખ્યમંત્રી રાહત નિધિમાંથી અપાશે સહાય; મ્યુનિ.કમિશનર-ચીફ ઓફિસર વગેરેને અરજી કરવી પડશે

ગાંધીનગર, તા.૧૪

વડોદરામાં પુરથી અસરગ્રસ્ત વિસ્તારમાં લોકોના બહાર આવેલ રોષને ઠારવા હવે સરકાર દ્વારા પુર્નઃવસન માટે રાહત બચાવ પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. વડોદરાના અસરગ્રસ્ત વિસ્તારના નાના, લઘુ તેમજ મધ્યમ વર્ગના વેપાર વાણિજ્યને પુર્નઃવસન કરવા રાજ્ય સરકારે રાહત બચાવ પેકેજ જાહેર કર્યુ છે. એમ જણાવતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે વિગતો આપતા જણાવ્યું હતું કે મુખ્યમંત્રી રાહત નિધિમાંથી આર્થિક તેમજ પુર્નઃવસન સહાય આપવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કરાયો છે. વડોદરામાં ભારે વરસાદને કરણે સર્જાયેલી પૂરની સ્થિતિમાં થયેલ નુકસાનને લઈ સહાય આપવાનો નિર્ણય લેવાયો છે જેમાં વડોદરાના લારી-રેકડી ધારકને ઉચ્ચક રૂા.૫,૦૦૦ની, ૪૦ સ્ક્વેર ફૂટ સુધીની નાની સ્થાયી કેબિન ધારકને ઉચ્ચક રૂા.૨૦ હજારની, ૪૦ સ્ક્વેર ફૂટથી મોટી કેબિન ધારકને રૂા.૪૦ હજારની તેમજ નાની અને મધ્યમ કક્ષાની પાકી દુકાન ધરાવતા વેપારીને ઉચ્ચક રૂા.૮૫ હજારની રોકડ સહાય ચૂકવવામાં આવશે. તેમણે વધુ વિગતો આપતા કહ્યું હતું કે, રૂા.૫ લાખથી વધુ માસિક ટર્નઓવર ધરાવતી મોટી દુકાન ધારકોને રૂા.૨૦ લાખ સુધીનો લોન મળવા પાત્ર રહેશે. જ્યારે, રૂા.૫ લાખની મર્યાદામાં માત્ર ૭ ટકાના વ્યાજ દરે ત્રણ વર્ષ માટે લોન મળશે. આ સહાય મેળવવા તા. ૩૧ ઓક્ટોબર સુધી સંબંધિત મ્યુનિસિપલ કમિશનર, મામલતદાર અથવા નગરપાલિકાના ચીફ ઓફિસરને અરજી કરવાની રહેશે. આ ઉપરાંત ગુજરાતના અસરગ્રસ્ત જિલ્લાઓમાં કેન્દ્રની ટીમ હાલ સર્વે કરી રહી છે સર્વે બાદ એસ.ડી. આર.એફ.ના નિયમો મુજબ રાહત જાહેર કરવામાં આવશે તેમ, મંત્રી પટેલે જણાવ્યું હતું.

# ટ્રાફિક હેલ્પલાઈનમાં આવેલી ફરિયાદો અને તેના નિકાલની માહિતી આપો : સરકારને હાઈકોર્ટનો આદેશ




અમદાવાદ, તા.૧૪

ગુજરાત હાઈકોર્ટની ખંડપીઠે રાજ્ય સરકાર પાસેથી સમગ્ર રાજ્યમાં ટ્રાફિકની સમસ્યા અંગે ફરિયાદ કરવા માટે આ અઠવાડિયે રજૂ કરવામાં આવેલા હેલ્પલાઈન નંબર સંબંધિત અહેવાલ માંગ્યો હતો. કોર્ટે હેલ્પલાઈન ઉપર તેની શરૂઆતથી જ મળેલી ફરિયાદોની વિગતો અને વિગતવાર અહેવાલ દ્વારા નિવારણનો સમયગાળો માંગ્યો હતો. કોર્ટ આ કેસની વધુ સુનાવણી ૧૯ સપ્ટેમ્બરે હાથ ધરશે. જસ્ટિસ એ.વાય. કોગજે અને જસ્ટિસ સમીર દવેની બનેલી બેંચ એક એડવોકેટ દ્વારા વર્ષ ૨૦૧૮માં ગુજરાત હાઈકોર્ટ દ્વારા જારી કરાયેલા આદેશનો અમલ ન કરવા બદલ દાખલ કરાયેલી કોર્ટના તિરસ્કારની અરજીની સુનાવણી કરી રહી હતી. રાજયના અનેક શહેરમાં પાર્કિંગ, અતિક્રમણ, તૂટેલા રસ્તા, ખાડા, રખડતા ઢોર અને ટ્રાફિકની સમસ્યા. કોર્ટે સમગ્ર રાજ્યમાં અરજીનો વ્યાપ વધાર્યો હતો અને આ કેસમાં વરિષ્ઠ વકીલ ભાસ્કર તન્ના અને હર્ષેશ કક્કરને એમિકસ ક્યૂરી તરીકે નિયુક્ત કર્યા હતા. દરમિયાન તન્ના અને અરજદાર વકીલે સમસ્યાના અમલીકરણ માટે તંત્રમાં રહેલી ખામીઓ અને છીંડાઓ દૂર કરવા રજૂઆતો કરી હતી. સરકારી વકીલે ગેરકાયદે પાર્કિંગની જગ્યાઓ નિયમિત કરવા અંગે લેવાયેલા નવા નિર્ણયની રજૂઆત કરી હતી. જો કે, હાઈકોર્ટે તેના અમલીકરણની સંભવિતતા સંબંધિત કેટલાક તીક્ષ્ણ પ્રશ્નો પૂછ્યા. ટ્રાફિકની સમસ્યાને લઈને સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી હેલ્પલાઈન અંગે હાઈકોર્ટે ધ્યાન દોર્યું કે હેલ્પલાઈન માત્ર ટ્રાફિકની સમસ્યા માટે છે. જો કે, તેમાં પાર્કિંગ, રખડતા ઢોર અને અતિક્રમણ અંગે કોર્ટ દ્વારા દર્શાવેલ તમામ નાગરિક મુદ્દાઓને આવરી લેવા જોઈએ. સરકારી વકીલે કહ્યું કે તે પ્રક્રિયા હેઠળ છે અને મોબાઈલ એપ્લિકેશન અને વેબસાઈટ દ્વારા આવી સેવાઓ દાખલ કરવા માટે સમયની જરૂર છે.દરમ્યાન હાઈકોર્ટે સરકારને નવા રજૂ કરાયેલા હેલ્પલાઈન નંબરમાં મળેલી ફરિયાદોની વિગતો અને સુનાવણીની આગામી તારીખમાં સમસ્યાઓના નિવારણની અવધિ પ્રદાન કરવા જણાવ્યું હતું. કોર્ટે અભિપ્રાય આપ્યો કે હેલ્પલાઈન નંબર અસરકારક રીતે કાર્યરત હોવો જોઈએ. અત્રે નોંધનીય છે કે, રાજ્ય સરકારે ઈમ્પેક્ટ ફી લાદીને ગેરકાયદે પાર્કિંગની જગ્યાઓને કાયદેસર કરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય મકાન માલિકોને રાહત આપશે, ખાસ કરીને વ્યાપારી સંસ્થાઓ કે જેમણે બેઝમેન્ટ પાર્કિંગ વિસ્તારોને દુકાનો અને ઓફિસોમાં રૂપાંતરિત કર્યા છે. ગેરકાયદે પાર્કિંગ મુદ્દે હાઈકોર્ટે સરકારની ટીકા કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

# પાર્કિંગ અને FSIના નિયમોમાં સુધારો કરાતા ગેરકાયદે મિલકતદારોને લાભ

અમદાવાદ તા.૧૪

સમગ્ર રાજ્યમાં ઈમ્પેક્ટના કાયદાની આંટીઘુંટીને પગલે ધાર્યો પ્રતિસાદ સાંપડ્યો નથી. હાલમાં જ રાજ્ય સરકાર દ્વારા ઈમ્પેક્ટના કાયદાની મુદ્દતને વધુ છ મહિના માટે લંબાવવામાં આવ્યો છે અને તેમ છતાં પાર્કિંગ સહિતના નિયમોને કારણે મોટા ભાગની ફાઈલો ટલ્લે ચઢવા પામી છે. અલબત્ત, હવે રાજ્ય સરકાર દ્વારા પાર્કિંગ અને એફએસઆઈમાં આંશિક રાહત આપતાં સુરતમાં ઈમ્પેક્ટની ફાઈલોને મંજુરીની ગતિમાં નિશ્ચિતપણે વધારો થશે. હાલમાં સુરત શહેરમાં ઈમ્પેક્ટના કાયદા હેઠળ ૨૮ હજારથી વધુ ફાઈલો પૈકી માંડ ૪૪૦૦ ફાઈલો મંજુર થયેલ છે જ્યારે ૧૩ હજારથી વધુ ફાઈલો રિજેક્ટ કરવામાં આવી અને ૧૦ હજારથી વધુ ફાઈલો પેન્ડીંગ છે. રાજ્ય સરકાર દ્વારા હવે પાર્કિંગ અને એફએસઆઈના નિયમમાં છુટછાટ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેને પગલે આગામી દિવસોમાં ઈમ્પેક્ટના નવા નિયમને પગલે ગેરકાયદેસર બાંધકામોને નિયમિત કરવાનો રસ્તો વધુ સુગમ થશે. રાજ્ય સરકાર દ્વારા ઈમ્પેક્ટના નવા નિયમોમાં પાકિંગમાં ૫૦ ટકાની જોગવાઈ અંગે રાહત આપવામાં આવી છે આ સિવાય એફએસઆઈના નિયમોમાં પણ રાજ્ય સરકાર દ્વારા બાંધછોડ કરવામાં આવતાં ગેરકાયદેસર ઈમારતોને વિશેષ લાભ મળશે. અગાઉ ઈમ્પેક્ટના જુના કાયદામાં દોઢ ગણી એફએસઆઈની મંજુરી આપવામાં આવતી હતી જે વધારીને હવે સવા બે ગણી કરવામાં આવી છે. જેને પગલે સેન્ટ્રલ ઝોનમાં ખાસ કરીને કોટ વિસ્તારમાં ગેરકાયદેસર મિલ્કતોને સીધો લાભ થશે. સેન્ટ્રલ ઝોનમાં મોટા ભાગની ગેરકાયદેસર ઈમારતો દ્વારા ત્રણ એફએસઆઈ કરતાં વધુ બાંધકામ કરવામાં આવ્યું હતું અને જેને પગલે આ મિલ્કતોને ઈમ્પેક્ટનો લાભ મળવા પાત્ર ન્હોતો. અલબત્ત, હવે નવા નિયમોને પગલે આ ઈમરતોને સવા બે ગણી એફએસઆઈનો લાભ મળતાં ઈમ્પેકટમાં આ મિલ્કતોની મંજુરીનો રસ્તો સરળ બન્યો છે.

# ગૂગલ જીમેઈલ એકાઉન્ટ ડીલિટ કરી રહ્યું છે, ૨૦ સપ્ટેમ્બર પહેલા તમારૂં પણ બચાવો : જાણો કેવી રીતે

(એજન્સી) તા.૧૪

શું તમે જાણો છો કે જો તમે તમારા જીમેલ એકાઉન્ટનો લાંબા સમયથી ઉપયોગ નથી કર્યો તો ગૂગલ તેને ડિલીટ કરી શકે છે. હા, ગૂગલે એક નવી પોલિસી બનાવી છે જે અંતર્ગત બે વર્ષથી વધુ સમયથી નિષ્ક્રિય રહેલા એકાઉન્ટને ડિલીટ કરવામાં આવશે. તે જ સમયે, વપરાશકર્તાઓને ફરીથી નિષ્ક્રિય એકાઉન્ટ્સ ઉપર મેઈલ્સ મળવાનું શરૂ કર્યુ છે જેમાં કહેવામાં આવ્યું છે કે તેમનું એકાઉન્ટ ટૂંક સમયમાં કાઢી નાખવામાં આવશે. ચાલો જાણીએ શા માટે.

વાસ્તવમાં, Google આ એટલા માટે કરી રહ્યું છે કારણ કે નિષ્ક્રિય એકાઉન્ટ્સ હેક થવાનું જોખમ વધારે છે. તે જ સમયે, આ બંધ ખાતાઓમાં ડેટા હોવાને કારણે ગૂગલના સર્વર ઉપર જગ્યા ઓછી થઈ જાય છે. Google વપરાશ કર્તાઓનો ડેટા સુરક્ષિત રાખવા માંગે છે. તેથી આ મોટું પગલું ભરવામાં આવ્યું છે. આ વર્ષે, ઘણા યૂઝર્સને Google તરફથી એક ઈમેઈલ મળ્યો હતો જેમાં તેમને જાણ કરવામાં આવી હતી કે તેમનું Google એકાઉન્ટ, જેનો તેમણે આઠ મહિનાથી ઉપયોગ કર્યો નથી, ૨૦ સપ્ટેમ્બરના રોજ જીમેલ, ફોટા અને દસ્તાવેજો સાથે કાઢી નાખવામાં આવશે. જોકે ઘણા લોકો પહેલાથી જ ગૂગલની આ નિષ્ક્રિય નીતિ વિશે જાણે છે. તે જ સમયે, જો તમને પણ આવો કોઈ ઈમેલ આવ્યો હોય તો ગભરાશો નહીં, તમે કેટલાક સ્ટેપ્સ ફોલો કરીને તમારૂં એકાઉન્ટ સેવ કરી શકો છો.

**તમારૂં એકાઉન્ટ કેવી રીતે સુરક્ષિત રાખવું ?**

નિયમિતપણે લોગ ઈન કરો : દર બે વર્ષે ઓછામાં ઓછા એક




વખત તમારા એકાઉન્ટમાં લોગ ઈન કરો. ઈમેઈલ્સ મોકલો : તમારા ઈનબોક્સને સક્રિય રાખો. Google ડ્રાઈવનો ઉપયોગ કરો : દસ્તાવેજ બનાવો અથવા સંપાદિત કરો. Google Photos ઉપર ફોટો અપલોડ કરો : ગેલેરીમાંથી નવો ફોટો અપલોડ કરો. YouTube ઉપર વીડિયોઝ જુઓ : તમારા નિષ્ક્રિય એકાઉન્ટમાંથી વીડિયો જુઓ. ગૂગલમાં સર્ચ કરો : ગૂગલ ક્રોમ ઉપર જાઓ અને કંઈપણ સર્ચ કરો. તે જ સમયે ઘણા લોકોને એક પ્રશ્ન છે કે જો Google એકાઉન્ટને કાઢી નાખે છે, તો શું તેઓ તેમનું એકાઉન્ટ પાછું મેળવી શકશે ? કદાચ નહીં, તેથી સાવચેત રહો. જ્યારે પણ તમારૂં એકાઉન્ટ લાંબા સમય સુધી નિષ્ક્રિય હોય, ત્યારે તમને Google તરફથી એક ઈમેઈલ પ્રાપ્ત થશે. ભૂલથી પણ તેને અવગણશો નહીં. તે જ સમયે, તમે Google Takeoutનો ઉપયોગ કરીને તમારા ડેટાનો બેકઅપ પણ લઈ શકો છો.

# કેનેડિયન વિઝા સાથે રેકોર્ડ સંખ્યામાં ભારતીયોએ ગેરકાયદેસર રીતે યુએસમાં પ્રવેશ કર્યો, અને યુકેમાં આશ્રય મેળવવા પ્રયાસ કરી રહ્યા છે

(એજન્સી) તા.૧૪

એક ડેટા અનુસાર, કેનેડાથી યુ.એસ.માં પગપાળા પ્રવેશ કરનાર બિનદસ્તાવેજીકૃત ભારતીયોની સંખ્યા સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચી ગઈ છે. આ કેનેડાની વિઝા સ્ક્રિનિંગ પ્રક્રિયા અંગે ચિંતા દર્શાવે છે. આ ટ્રાન્ઝિટ દરમ્યાન યુકેમાં આશ્રય મેળવતા કેનેડાના ભારતીય મુસાફરોની પણ સમાંતર ચિંતાઓને દર્શાવે છે. યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન (CBP)ના નવીનતમ ડેટા અનુસાર, આ જૂન મહિનામાં જ ૫,૧૫૨ બિનદસ્તાવેજીકૃત ભારતીયો કેનેડાથી પગપાળા યુએસમાં પ્રવેશ્યા હતા અને, કેનેડાથી યુએસમાં પ્રવેશતા ભારતીયોની માસિક સંખ્યા ડિસેમ્બર ૨૦૨૩થી કુખ્યાત મેક્સિકો રૂટ ઉપરથી પસાર થતા લોકો કરતાં વધી ગઈ છે. લગભગ ૯,૦૦૦ કિમીની યુએસ-કેનેડા સરહદ એ વિશ્વની સૌથી લાંબી ખુલ્લી સરહદ છે, જે ચીન સાથેની ભારતની ૩,૪૦૦-કિમી સરહદની લંબાઈ કરતાં લગભગ ત્રણ ગણી છે. યુએસ સીબીપીના ડેટા અનુસાર, આ વર્ષે જાન્યુઆરી-જૂન દરમ્યાન કેનેડા સાથેની યુએસ સરહદ ઉપર "એન્કાઉન્ટર" (અટકાયત, હાંકી કાઢવામાં અથવા પ્રવેશ નકારવામાં આવેલ)માં ઝડપાયેલા ભારતીયોની સરેરાશ માસિક સંખ્યા ૨૦૨૩માં ૨,૫૪૮થી ૪૭% વધીને ૩,૭૩૩ થઈ ગઈ છે અને તે ૨૦૨૧ની ૨૮૨ સંખ્યાથી ૧૩ ગણો ઉછાળો છે. યુ.એસ.માં કાયદેસર રીતે સ્થાયી થયેલી ભારતીય વસ્તીના વધતા જતા આર્થિક પ્રભાવ સાથે તદન વિપરીતતા રજૂ કરે છે તે જોતાં આ સંખ્યાઓ મહત્વની છે. દાખલા તરીકે, બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રૂપના તાજેતરના અભ્યાસનો અંદાજ છે કે ભારતીય અમેરિકનો યુએસની વસ્તીના માત્ર ૧.૫% છે પરંતુ ત્યાં તમામ આવકવેરામાંથી લગભગ ૫-૬% ચૂકવે છે. ડેટા દર્શાવે છે કે યુકેમાં આશ્રય મેળવવા માંગતા ભારતીયોની સંખ્યામાં ૨૦૨૨ (૧,૧૭૦)ની સરખામણીમાં ૨૦૨૩ (૧,૩૧૯)માં વધુ છે અને તેમાં ૨૦૨૧ (૪૯૫)માં ૧૩૬% વધારો જોવા મળ્યો હતો. આ વર્ષે, ૪૭૫ આશ્રય શોધનારાઓ નોંધાયેલા છે. એવું જાણવા મળ્યું છે કે આ અરજદારોમાં "નોંધપાત્ર હિસ્સો" યુકેમાં સ્ટોપઓવર સાથે કેનેડાના ટ્રાન્ઝિટ મુસાફરો છે. અનેક સૂત્રોએ ધ ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું કે યુએસ અને યુકે બંનેએ આ ચિંતાઓ કેનેડાને જણાવી છે. યુએસએ વધુ યોગ્ય વિઝા સ્ક્રિનિંગ પ્રક્રિયાની માંગ કરી હતી, ત્યારે યુકેએ પ્રસ્તાવ મૂક્યો છે કે તમામ કેનેડાબાઉન્ડ ભારતીય નાગરિકોએ સ્ટોપઓવર માટે ટ્રાન્ઝિટ વિઝા મેળવવા જોઈએ. ઈમિગ્રેશન, રેફ્યુજીસ અને સિટીઝનશિપ કેનેડા (IRCC)ના પ્રવક્તાએ કહ્યું કેઃ આઈઆરસીસી આ સમયે યુકે અથવા યુએસ સાથેની કોઈપણ જોડાણની વિગતો ઉપર ટિપ્પણી કરવાની સ્થિતિમાં નથી. કેનેડા આ પ્રવૃત્તિઓ પાછળના પરિબળો અને સુવિધા નેટવર્કને વધુ સારી રીતે સમજવા માટે કામ કરી રહ્યું છે જેથી અમે તે મુજબ ગોઠવણ કરી શકીએ. યુકે હોમ ઓફિસે જણાવ્યું હતું કે તે સિસ્ટમના દુરૂપયોગને રોકવા માટેર પ્રતિબદ્ધ છે. દાવેદાર દ્વારા પૂરા પાડવામાં આવેલ તમામ પુરાવાઓનું મૂલ્યાંકન કરીને દરેક આશ્રય દાવાને તેની વ્યક્તિગત યોગ્યતાઓને કાળજીપૂર્વક ધ્યાનમાં લેવામાં આવે છે. ઓટાવામાં યુએસ એમ્બેસીએ આંતરિક રાજદ્વારી ચર્ચાઓ ઉપર ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો હતો. સીબીપીના પ્રવકતાએ જણાવ્યું હતું કે, યુએસ ઈમિગ્રેશન કાયદાનો અમલ કરે છે, અને દેશમાં પ્રવેશવા માટે કાનૂની આધાર વગરના લોકો માટે અમારી સરહદો ખુલ્લી નથી. ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી ભારતીય નાગરિકોને રહેવા માટેના કાયદાકીય આધાર વિના દૂર કરી રહી છે, જેમાં ચાર્ટર રિમૂવલ ફ્લાઈટ્સનો પણ સમાવેશ થાય છે. કેનેડા સુલભ વિઝા પ્રદાન કરે છે. કેનેડા રેગ્યુલેટરી કાઉન્સિલ સાથે નોંધાયેલા ઈમિગ્રેશન કન્સલ્ટન્ટે જણાવ્યું હતું કે, મેક્સિકો બોર્ડર પાર કરવાની રાહ જોઈ રહેલા લોકોમાં જોડાવા માટે પશ્ચિમ એશિયા, આફ્રિકા અથવા કેરેબિયન માટે ગેરકાયદેસર માર્ગો કરતાં વધુ સલામત વિકલ્પ છે. કેનેડાએ વિદેશી વિદ્યાર્થીઓને આકર્ષવા માટે તેની વિઝા નીતિ હળવી કરી તે સમયની આસપાસ, ૨૦૧૭માં વધુ પ્રવાહ શરૂ થયો. ૨૦૧૬ અને ૨૦૨૨ની વચ્ચેના સત્તાવાર રેકોર્ડ દર્શાવે છે કે કેનેડામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યા ૬૧% વધીને ૫,૨૩,૯૭૧થી ૮,૪૪,૪૪૪ થઈ ગઈ છે અને તેમનો એકંદર ખર્ચ $15.5 બિલિયનથી વધીને $37.3 બિલિયન થઈ ગયો છે. વિઝાના દુરૂપયોગના વધતા જતા પુરાવાઓએર તાજેતરના નિયમોમાં સુધારો કરવાની ફરજ પડી હોવા છતાં વિદ્યાર્થીઓ માટે જીવન-નિર્વાહની જરૂરિયાતો વધારવાથી લઈને વિઝા કેપ્સ અને વર્ક પરમિટ એક્સ્ટેંશન ઉપર અંકુશ લગાવવા સુધી અનેક પગલાં લેવામાં આવ્યા છે. પગપાળા યુ.એસ.માં પ્રવેશેલા ભારતીય ઈમિગ્રન્ટ્સ પહેલેથી જ ઉત્તરીય સરહદ ઉપર શિફ્ટ થઈ ગયા હતા.

# રાજયકક્ષાની ટેલેન્ટ હન્ટ સ્પર્ધામાં જૂનાગઢના બે કલાકારો અભિનય ક્ષેત્રે અવ્વલ આવ્યા



જૂનાગઢ તા. ૧૪

યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર પ્રેરીત ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી આયોજીત અને રાજકોટ યુવા વિકાસ અધિકારી કચેરી દ્વારા સંચાલિત પ્રતિભા શોધ સ્પર્ધા 'ટેલેન્ટ હન્ટ'નું ગત તા.૧૧ સપ્ટે. ૨૪ ના રોજ રાજય સ્તરીય આયોજન હેમુ ગઢવી નાટય ગૃહ, રાજકોટ ખાતે કરવામાં આવેલ હતું. આ સ્પર્ધા અંતર્ગત એકપાત્રીય અભિનય સ્પર્ધામાં જૂનાગઢના દિવ્ય રૂપારેલ પ્રથમ વિજેતા અને સુરૂભા જેઠવા તૃતિય વિજેતા થયેલ હતા. સમગ્ર ગુજરાતમાંથી વિવિધ જીલ્લાનાં સ્પર્ધકો વચ્ચે યોજાયેલ સ્પર્ધામાં આ બાંનો યુવા કલાકારોએ તેમના અભિનયથી નિર્ણાયકો અને શ્રોતા ગણને અભિભુત કર્યા હતા. બાંને કલાકારોને સપ્તક કલા સંસ્થાના પ્રમુખ વિપુલભાઈ ત્રિવેદી અને વિવિધ ક્ષેત્રના કલાકારો તરફથી અભિનંદન પાઠવવામાં આવેલ હતા.

# ઉનાની ગાયત્રી વિદ્યાલયમાં ગણેશ ઉત્સવની ઉજવણી



ઊના તા. ૧૪

ઊના શહેરમાં આવેલ શ્રી ગાયત્રી વિદ્યાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ શાળાના સંકુલમાં શ્રી, ગણપતિજીની મૂર્તિની સ્થાપના કરી ગણેશ ઉત્સવ ઉજવી રહ્યા છે. તેમાં આજે ગણેશજીને દરેક વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારની વાનગીઓ ફરસાણ, મીઠાઈનો છપનભોગનો અન્નકૂટ ધરવામાં આવેલ હતો અને વિદ્યાર્થીઓએ આરતી ઉતારી પૂજા કરી હતી. અને તમામને અન્નકૂટનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.

# ખેતી બેન્ક દ્વારા યોજાયેલ ગણેશ મહોત્સવમાં ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીની ભાવપૂર્ણ ઉપસ્થિતિ



જૂનાગઢ, તા.૧૪

અમદાવાદમાં આશ્રમ રોડ ઉપર આવેલી ખેતી બેન્કની હેડ ઓફિસ ખાતે ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ખેતી બેન્કના ગણેશ મહોત્સવમાં ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી સહભાગી થયા હતા. હર્ષભાઈએ ગણેશ મહોત્સવમાં દર્શન અને આરતી કરી હતી. આ પ્રસંગે બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચા અને અન્ય સહકારી આગેવાનો પણ દર્શન અને આરતીમાં જોડાયા હતા. ગણેશ મહોત્સવમાં ખેતી બેન્કના અધિકારીઓ અને કર્મચારીઓએ હર્ષોલ્લાસ સાથે અને આતશબાજી કરી ગણેશ મહોત્સવની રંગેચંગે ઉજવણી કરી હતી.

# ૧૦૮ એમ્બ્યુલન્સ જીવા દોરી સમાન છે એવું ફરી વખત સાબિત થયું છે



જૂનાગઢ, તા.૧૪

ભેસાણ તાલુકાનાં સુખપર ગામમાં વાડી વિસ્તારમાં રહેતા મજૂરી કામ કરતી મહિલાને ડિલિવરીનો દુઃખાવો થવાથી ૧૦૮નો સંપર્ક કરવામાં આવ્યો હતો. ભેંસાણ ૧૦૮ માં ફરજ બજાવતા ઇ.એમ.ટી વિશાલ કાથળ અને પાયલોટ વીપુલ સારિયા તુરંત સુખપુર વાડી વિસ્તારમાં પહોંચી ગયેલ અને સગર્ભા બેનને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત હોસ્પીટલ જવા નીકળ્યા હતા પરંતુ રસ્તામાં મહિલાને અસહ્ય ડિલિવરીનો દુઃખાવો થયેલ.

ઈએમટી વિશાલ કાથળ દ્વાર ચેક કરતા માલુમ થયેલ કે મહિલાને જોડ્યા બાળકો હતા. અમદાવાદ હેડ ઓફિસ ડો.મહેશ સાથે ફોનમાં વાત કરી અને નોરમલ ડિલિવરી ૧૦૮ એમ્બ્યુલન્સમાં જ કરાવી. જોડ્યા બાળકો હોવા છંતા ૧૦૮ સ્ટાફ દ્વારા સમયસૂચકતાથી અને સુજબુજથી નોર્મલ ડિલિવરી ૧૦૮માં જ કરાવી અને જરૂરી સારવાર ૧૦૮ એમ્બ્યુલન્સમાં જ આપી હતી. આમ ૧૦૮ એમ્બ્યુલન્સને લીધે ૩ અમૂલ્ય જીવને નવું જીવન મળ્યું હતું. સારી કામગીરી બદલ જૂનાગઢ જિલ્લાના અધિકારીઓ દ્વારા ૧૦૮ ઈમરજન્સી સેવાના કર્મચારીઓની સરહારનીય કામગીરીને બિરદાવવામાં આવી હતી.

# ભાણવડ પંથકના પોક્સો પ્રકરણના નાસતા ફરતા આરોપીઓને દબોચી લેવાયો

## મધ્યપ્રદેશના ડુંગરાળ વિસ્તારમાંથી આરોપી ઝડપાયો



જામ ખંભાળિયા, તા. ૧૪

ભાણવડ પંથકમાં રહેતી એક સગીરાના અપહરણ સબબ આજથી આશરે દોઢ માસ પૂર્વે સ્થાનિક પોલીસ મથકમાં સુનિલ ઉર્ફે સોનુ ગાડરીયા નામના શખ્સ સામે ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ પ્રકરણમાં અહીંના ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ ખંભાળિયા સર્કલ વિસ્તારના પોલીસ સ્ટાફ દ્વારા સ્થાનિક પી.આઈ. વી.એમ. રાણા તેમજ તેમની ટીમ દ્વારા ટેકનીકલ સર્વેલન્સ તથા હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે હાથ ધરવામાં આવેલી તપાસમાં ધરપકડ ટાળવા માટે ઘણા સમયથી નાસતો ફરતો હોવાની માહિતી પરથી મધ્યપ્રદેશ રાજ્યના દેવાસ જિલ્લાના બરોઠા પોલીસ મથક હેઠળ આવતા ડુંગરાળ વિસ્તારમાંથી ઉપરોક્ત ગુનાના આરોપી એવા સુનીલ ઉર્ફે સોનું રમેશભાઈ ગાડરીયા (રહે. કાલોદીયા, મધ્યપ્રદેશ) નામના આ શખ્સને ઝડપી લઈ, આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# સોમનાથ મંદિર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસે વિશેષ પૂજન કરાશે

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૪

સોમનાથ મંદિર ટ્રસ્ટનાં અધ્યક્ષ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસ તા.૧૭ સપ્ટેમ્બરના રોજ સોમનાથ મંદિર ખાતે ટ્રસ્ટ દ્વારા સોમનાથ મંદિરમાં આયુષ્ય મંત્રજાપ, મહાદેવ પૂજા, ધ્વજારોહણ અને સાંધ્ય દિવ્ય શણગાર સહિતના કાર્યક્રમોનું આયોજન થઈ રહયું છે. અત્રે એ યાદ આપવું જરૂરી છે કે, સોમનાથ ટ્રસ્ટ તેમના પ્રત્યેક ટ્રસ્ટીના જન્મ દિવસે વિશેષ પૂજન અર્ચન કરવામાં આવે છે.

# ભાણવડના હેર સલૂનની મુલાકાતે પહોચ્યો અજગર એનિમલ લવર્સના રેસ્ક્યુઅર દ્વારા રેસક્યુ કરાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૪

ભાણવડના જકાતનાકા વિસ્તારમાં આવેલા એક હેર સલુનની દુકાનમાં ગતરાત્રીના સમયે એક અજગર આવી ચડ્યો હતો. જેથી દુકાન માલિક જોઈ અચંબિત થઈ ગયા હતા. જે નાની સાઈઝનો હોવાથી તે સાપ છે તેવું માની અને ભાણવડમાં વર્ષોથી વિનામૂલ્યે વન્ય જીવોના રેસ્ક્યુની સેવા આપતા એનિમલ લવર્સ ગ્રુપના અશોકભાઈ ભટ્ટને જાણ કરાઈ હતી. જેથી અશોકભાઈ ભટ્ટ અને મેરામણભાઈ આ સ્થળે પર પહોંચીને દુકાનમાં ઘૂસેલા વન્ય જીવોની અનુસૂચિ -૧ માં સમાવિષ્ટ અને 'ઇન્ડિયન રોક પાઈથન' અંગ્રેજી નામ ધરાવતા આ અજગરને સિફતપૂર્વક રેસક્યુ કરીને દુકાન માલિકને આ બાબતે સમજ અપાઈ હતી ત્યાર બાદ આ અજગરને બરડાના પ્રાકૃતિક આવાસમાં મુક્ત કરાયો હતો.

# આંગણવાડીઓના ભુલકાઓએ ગણપતિજીની મૂર્તિ બનાવી પર્યાવરણ જતનનો સંદેશ આપ્યો



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૧૪

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રોગ્રામ ઓફિસર ડો.ચંદ્રેશકુમાર ભાંભીના માર્ગદર્શન હેઠળ આંગણવાડીઓ ખાતે ગણેશ મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે, જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા પ્રોજેક્ટ 'પા પા પગલી' અંતર્ગત પ્રી-સ્કુલ એક્ટીવીટી માટે અપાયેલ રંગીન કલેના ઉપયોગથી નાના બાળકોને ગણેશજીની મૂર્તિઓ બનાવવા માટે પ્રેરવામાં આવ્યાં હતાં. આંગણવાડીના બાળકોએ પરંપરાગત રીતે હાથથી ઘાટ આપીને વિવિધ મૂર્તિઓનું સર્જન કર્યું હતું અને ઉત્સાહભેર ઉજવણી કરી હતી. આંગણવાડીના બાળકોએ જાતે ગણેશજીની મૂર્તિઓ બનાવીને માટીની મૂર્તિનો ઉપયોગ પ્રેરી પર્યાવરણ જતન કરવાનો સંદેશ આપ્યો હતો.

## ખેતીની જમીન વેચાણ બાબતે મહત્ત્વનો નિર્ણય

# ખેડૂત ખરાઈ માટે રેકર્ડ ચકાસણીમાં ૬ એપ્રિલ ૧૯૯૫થી જ મહેસુલી રેકર્ડ ધ્યાનમાં લેવાશે

ગાંધીનગર,તા.૧૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ખેતીની જમીનના વેચાણના કિસ્સાઓ માટે ડિજીટાઈઝેશન અને પારદર્શી ઓનલાઈન પ્રક્રિયાને વેગ આપતા મહત્વપૂર્ણ નિર્ણય કર્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમની સરકારના ત્રણ વર્ષ પૂર્ણ કરીને ચોથા વર્ષમાં પ્રવેશના પ્રથમ દિવસે જ રાજયના ખેડૂતોના વ્યાપક હિતમાં આ નિર્ણય કર્યો છે.

ગુજરાત સરકારે કરેલા નિર્ણય અનુસાર હવે રાજયમાં ખેતીની જમીનના વેચાણના કિસ્સાઓમાં વેચાણ નોંધ હક્કપત્રકમાં દાખલ કરતી વખતે વેચાણ લેનાર ખેડૂત ખાતેદાર પાસેથી ૧૯૫૧-૫૨થી ખેડૂત હોવા અંગે ખેડૂત ખરાઈ પ્રમાણપત્રનો આગ્રહ રાખવાની પ્રથા રાજયમાં અમલમાં છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ એવી રજૂઆતો આવી હતી કે, બિન ખેતીની પરવાનગી દરમ્યાન મૂળથી ખેડૂત ખાતેદારની ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડની બિન ઉપલબ્ધતા અને બિન ખેતી મંજુરીના કેસોમાં વિલંબને કારણે ખેડૂતો અને અરજદારોને અનેક સમસ્યાઓ નડે છે.૧૯૫૧-૫૨થી બિનખેતી પરવાનગી સમયે જ્યારે મૂળથી ખેડૂત ખાતેદાર હોવાના આધાર પૂરાવા માંગવામાં આવે છે, ત્યારે આવા પુરાવાઓ જિલ્લા વિસ્તરણ, પૂર જેવી આકસ્મિક કુદરતી આપત્તિઓ, તેમ જ વડીલો અને હાલ ખરીદ કરનારાઓ દ્વારા જૂના માણસોના ખેડૂત હોવાના પુરાવાઓ અપ્રાપ્ય હોવાને કારણે વેચાણ-નોંધો તેમ જ બિનખેતી અરજીઓ ખેડૂત ખરાઈના મુદ્દે દફતરે કરવાના કે નામંજૂર કરવાના કિસ્સાઓ રાજ્ય સરકારના ધ્યાનમાં આવ્યા છે. આના પરિણામે મૂળ ખેડૂત ખરાઈ બાબતે મૂળથી રેકર્ડની ચકાસણી કરવા બાબતે રેકર્ડની બિનઉપલબ્ધતાના કારણે વેચાણ-નોંધો અને બિનખેતી મંજૂરીઓના કેસોમાં સરળીકરણ કરવાના હેતુથી મુખ્યમંત્રીએ મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. તદઅનુસાર, ખેતીની જમીનની વેચાણ નોંધ પ્રમાણિત કરવા અંગેના નિર્ણયમાં ખેડૂત ખરાઈની ચકાસણીમાં તા. ૬ એપ્રિલ ૧૯૯૫ પછીના રેકર્ડને જ ધ્યાનમાં લેવાનું રહેશે.

એટલું જ નહીં, આવી ખરાઈ કરતી વખતે ૬ એપ્રિલ ૧૯૯૫ પહેલાંના સમયે ધારણ કરેલી કોઈ જમીનના કિસ્સામાં અરજદાર જમીન મૂળથી કેવી રીતે ધારણ કરે છે તેની ચકાસણી કરવાની બાબતો ખેતીની જમીનની હવે પછી વેચાણની નોંધ મંજૂર કરવાના તબક્કે લાગુ પડશે નહીં.

ખેડૂત હોવા અંગેના ઉપલબ્ધ ઓનલાઈન રેકર્ડ તપાસીને સક્ષમ મહેસૂલી સત્તાઅધિકારીએ ખેડૂત ખરાઈ કરી આપવા નોંધ પ્રમાણિત કરવાનો નિર્ણય કરશે. વેચાણ નોંધ પ્રમાણિત કરવા અંગેનો નિર્ણય કરતી વખતે ખેડૂત ખરાઈ પ્રમાણપત્રનો આગ્રહ રાખવાનો રહેશે નહીં.

જોકે આવી ખેતીની જમીનની હક્કપત્રકમાં વેચાણ નોંધ દાખલ કરતી વખતે ખેડૂત ખાતેદારે પોતે ખેડૂત ખાતેદાર હોવાનું સોગંદનામુ નિયત નમુનામાં રજૂ કરવાનું રહેશે. મુખ્યમંત્રીએ વધુમાં એવો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે કે, મૂળથી જૂની શરતની હોય તથા ખેતીથી ખેતીના હેતુ માટે જૂની શરત થયેલા હોય, પરંતુ બિનખેતી માટે પ્રિમિયમને પાત્ર હોય તેવી જમીનો માટે જ્યારે બિનખેતી માટેની અરજી આવે, ત્યારે માત્ર ખેડૂત ખરાઈના હેતુસર ૬ એપ્રિલ ૧૯૯૫ પછીનું જ રેકર્ડ ધ્યાને લેવાનું રહેશે. આવી પરવાનગી વખતે કબ્જેદારો પાસેથી "ફક્ત બિનખેતી વિષયક પરવાનગી આપવાની અરજી હોવાનું તેમજ આ પરવાનગીથી માલીકીપણા-ટાઈટલ કે અન્ય કોઈ બાબતે વિસંગતતા જણાય તો કાયદેસરની કાર્યવાહી કરવાપાત્ર રહેશે." એ પ્રકારનું સોગંદનામું કલેક્ટરોએ મેળવી લેવાનું રહેશે.

બિનખેતી પરવાનગી અંગેની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે તથા તેનો ચુસ્તપણે અમલ તમામ સક્ષમ સત્તાધિકારીઓએ કરાવવાનો રહેશે. મુખ્યમંત્રીએ એવો પણ નિર્ણય કર્યો છે કે, હાલ જે કેસોમાં ખેડૂત ખાતેદારના દરજ્જા બાબતે લીટીગેશન કે તપાસ પડતર છે તેવા કિસ્સાઓમાં આ જોગવાઈઓ લાગુ પડશે નહિ.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અતિવૃષ્ટિની પરિસ્થિતિ અંગે ખંભાળિયામાં ઈન્ટરમિનિસ્ટ્રીયલ ટીમ દ્વારા સમીક્ષા બેઠક યોજાઈ

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૧૪

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં થયેલ અતિવૃષ્ટિના પરિણામે નુકસાની તેમજ રિસ્ટોરેશનના ડૉક્યુમેન્ટેશન માટે દિલ્હીથી મુલાકાતે આવેલા ઈન્ટર-મિનિસ્ટ્રીયલ સેન્ટ્રલ ટીમના અધિકારીઓએ કલેકટર કચેરી ખાતે બેઠક યોજી સમીક્ષા કરી હતી.




દેવભૂમિ દ્વારકા જિલ્લામાં થયેલ ભારે વરસાદની પરિસ્થિતિ અંગે નિવાસી અધિક કલેકટરે પ્રેઝેન્ટેશનના માધ્યમથી રાહત બચાવ કામગીરી અને જિલ્લા પ્રશાસન દ્વારા જનજીવન પૂર્વવત કરવા તેમજ ભારે વરસાદની સ્થિતિ બાદ નાગરિકોને સહાય વિતરણની કામગીરીની અંગેની વિગતવાર માહિતી રજૂ કરી હતી. અતિવૃષ્ટિની પરિસ્થિતિમાં વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવેલી રેસ્ક્યુ, સ્થળાંતર, વીજ પુનઃસ્થાપન, રસ્તા રીપેરીંગ, સ્વચ્છતા, આરોગ્ય વિષયક કાળજી, દવા છંટકાવ સહિતની કામગીરી વિશે પણ ઉચ્ચ અધિકારીઓને માહિતગાર કર્યા હતા. બેઠકમાં પ્રાંત અધિકારી કે.કે.કરમટા સહિત માર્ગ અને મકાન વિભાગ, ખેતીવાડી, પાણી પુરવઠા, સિંચાઈ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉના -દેલવાડા રોડ ઉપર બે મોટરસાયકલ અને રીક્ષા વચ્ચે અકસ્માત થતાં પાંચ વ્યક્તિને ઈજા

ઉના તા. ૧૪

ઊના શહેરમાં દેલવાડા રોડ ઉપર નાગનાથ મંદિર પાસે બે મોટરસાયકલ અને રિક્ષા વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં બે મોટરસાયકલ રોડની સાઈડના ખાડામાં પડી ગઈ હતી.

આ બનાવ અંગેની જાણવા મળતી વિગત મુજબ જાફરાબાદના અશ્વિનભાઈ સોમાભાઈ સોલંકી (ઉ.વ. ૪૦) અને તેમનો પુત્ર રાજહંસકુમાર અશ્વિનભાઈ સોલંકી (ઉ.વ. ૧૨) બંને મોટરસાયકલ ઉપર જતા હતા ત્યારે બીજી એક મોટર સાયકલ અને રિક્ષા અચાનક ભટકાઈ જતા પિતા અને પુત્ર રોડ ઉપર ફંગોળાઈ પડી ગયા હતા. જયારે



અંજલિબેન નાનજીભાઈ બારીયા રે. નવાબંદર અને રાધિકાબેન યોગેશભાઈ સોલંકી અને રિક્ષા ચાલકને ઈજાઓ પહોંચતા તેમને ૧૦૮ એબ્યુલન્સ મારફત ઊના હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. જેમાં અશ્વિનભાઈ સોલંકી અને રાજહંસ સોલંકીને માથામાં તથા પગમાં ગંભીર ઈજાઓ થયેલ હોવાથી તેમને વધુ સારવાર માટે બહારગામ ખસેડાયા હતા.

આ અકસ્માત થતાં રોડ ઉપર ટ્રાફિક જામ થઈ ગયો હતો જેથી પોલીસે તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી ટ્રાફિક હળવો કરેલ હતો.

# વેરાવળમાં ખારવા સમાજ દ્વારા રામદેવજી મહારાજની જન્મજયંતિ નિમિત્તે વિશાળ શોભાયાત્રા નિકળી





## ખારવા સમાજના હોદેદારોએ સાંજે રામદેવજી મંદિરે પૂજા અર્ચના કરી ધ્વજારોહણ કર્યુ : શોભાયાત્રાનું રસ્તામાં તમામ સમાજો દ્વારા હારતોરા કરી સ્વાગત કરેલ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૪

વેરાવળમાં ખારવા સમાજના ઈષ્ટદેવ તેમજ હિન્દુ ધર્મના આરાધ્યદેવ શ્રી રામદેવજી મહારાજના ધ્વજા આરોહણ નિમીતે ખારવા સમાજ સાગરપુત્ર ફાઉન્ડેશનના પટેલના વડપણ હેઠળ ઘનશ્યામ પ્લોટમાં આવેલ કામનાથ મંદિર ખાતે પુજા અર્ચના કરવામાં આવેલ બાદમાં શોભાયાત્રા નીકળેલ જે શહેરના મુખ્યમાર્ગો ઉપર ફરીને જાલેશ્વર ખાતે પહોંચેલ જયાં રામદેવપીર મંદિરે ધ્વજા આરોહણ કરવામાં આવ્યું હતું. વેરાવળમાં ખારવા સમાજના ઈષ્ટદેવ હિન્દુ ધર્મના આરાધ્યદેવ શ્રી રામદેવજી મહારાજના જન્મ જયંતિ પ્રસંગે બપોરે ઘનશ્યામ પ્લોટ વિસ્તારમાં આવેલ કામનાથ મંદિર ખાતે સાગરપુત્ર ફાઉન્ડેશન ખારવા સમાજના પટેલ દામજીભાઈ ફોફંડી, અધ્યક્ષ લખમભાઈ ભેંસલા, પૂર્વ પટેલ કીરીટભાઈ ફોફંડી, પાલિકા પૂર્વ પ્રમુખ પીયુષભાઈ ફોફંડી, બોટ એસો.ના પ્રમુખ તુલસીભાઈ ગોહેલ, લોધી સમાજના પટેલ મોહનભાઈ ભારાવાળા, ચુનીભાઈ ગોહેલ, બાબુભાઈ ગોહેલ, સી ફુડ એક્ષપોર્ટ એસો.ના પ્રમુખ કેતનભાઈ સુયાણી સહીતના આગેવાનોના હસ્તે પૂજા અર્ચના થઈ હતી. બાદમાં તેઓની આગેવાનીમાં નિકળેલ શોભાયાત્રા કૃષ્ણનગરમાં નવા રામ મંદિર થઈ ગર્લ્સ હાઈસ્કૂલ, ગાંધી ચોક, સુભાષ રોડ, સટ્ટા બજાર, ગૌરવ પથ ટાવર ચોક થઈ જાલેશ્વર ખાતે રામદેવજી મંદિરે પહોંચેલ જયાં સમાજના આગેવાનો દ્વારા મંદિરે બાવન ગજની ભવ્ય ધ્વજા પૂજા-અર્ચના કરી મંદિર ઉપર ચડાવાતા ધ્વજારોહણનો ધર્મોત્સવ શાંતિ પૂર્ણ રીતે સંપન્ન થયેલ હતો. આ શોભાયાત્રાનું સાંસદ રાજેશભાઈ ચુડાસમા, પ્રદેશ મંત્રી ઝવેરીભાઈ ઠકરાર, જીલ્લા પ્રમુખ મહેન્દ્રભાઈ પીઠીયા, માનસીહભાઈ પરમાર, મહામંત્રી દિલીપભાઈ બારડ, શહેર પ્રમુખ દેવાભાઈ ધારેચા, પાલિકા પ્રમુખ પલ્લવીબેન જાની, વેરાવળ લોહાણા મહાજન પ્રમુખ વિક્રમભાઈ તન્ના, અશોકભાઈ ગદા, મુકેશભાઈ ચોલેરા, જયકરભાઈ ચોટાઈ, ધોબી, સીંધી, ભોય, હાડી, મચ્છીયારા, રામાનંદી, ગૌસ્વામી સહિતના સમાજના આગેવાનો દ્વારા ખારવા સમાજના હોદેદારોના હારતોરા કરી સ્વાગત કરેલ હતું.

# સરકારશ્રી દ્વારા ટેકાના ભાવે ખરીદવાની થતી મગફળીની ખરીદીની મર્યાદા વધારવા માંગ

જૂનાગઢ તા.૧૪

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વિસાવદરનાં ચેરમેન વિનોકુમાર એસ.હપાણીએ ગુજરાત રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને એક પત્ર પાઠવી સને ૨૦૨૪-૨૫નાં વર્ષમાં સરકારશ્રી દ્વારા ટેકાનાં ભાવે ખરીદવાની થતી મગફળીની ખરીદીની મર્યાદા વધારવા માટેની વ્યવસ્થા કરવા માંગ કરી છે. આ પત્રમાં વધુમાં જણાવેલ છે કે, કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે મગફળીના ટેકાના ભાવ ક્વિન્ટલ દીઠ રૂા.૬૭૮૩ નકકી કરવામાં આવેલ છે. ચાલુ વર્ષ દરમ્યાન ગુજરાત રાજયમાં મગફળીનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થવાનો અંદાજ છે. હાલ ખેડૂતો દ્વારા મગફળીનું હાર્વેસ્ટીંગ ચાલુ કરી દેવામાં આવ્યું છે અને તે મગફળી ખેડૂતો દ્વારા ખુલ્લા બજારમાં વેચાઈ રહી છે. તેનો બજાર ભાવ ખેડૂતોને અંદાજે ક્વિન્ટલના રૂા.૪૫૦૦થી રૂા.૫૦૦૦ મળી રહયા છે. હાલ મગફળીનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થવાનો અંદાજ હોય તેને કારણે મગફળીના ભાવ છેલ્લા ત્રણ વર્ષની તુલનાએ બહુ જ નીચા ભાવ માર્કેટ તુટી જવાના કારણે ખેડૂતોને મળી રહયા છે. જેને કારણે હાલના તબક્કે ગુજરાત રાજયના ખેડૂતોએ મગફળીના ઉત્પાદનમાં ખુબ જ ઓછા ભાવ મળવાના કારણે મોટું નુકશાન સહ કરી રહયા છે. હાલના તબક્કે ગુજરાતના ખેડૂતોના હિતોને ધ્યાનમાં રાખી રાજય સરકાર દ્વારા મગફળીની ખરીદી માટે જાહેર કરી અને ખરીદી માટે નોંધણી પ્રક્રિયા ચાલુ કરી દેવામાં આવે અને અગાઉના વર્ષોમાં રાજય સરકાર દ્વારા એક ખેડૂત દીઠ ૨૫૦૦ કિ.ગ્રા.મગફળીની ખરીદી કરવામાં આવતી હતી તે હાલ મગફળીનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થતું હોવાનો અંદાજ હોય ત્યારે ખેડૂત દીઠ ૨૫૦૦ કિ.ગ્રા.ને બદલે ખેડૂત દીઠ ૫૦૦૦ કિ.ગ્રા.ની મર્યાદા નક્કી કરવામાં આવે તે ઉપરાંત હાલના તબક્કે નોંધણી પ્રક્રિયા પણ ચાલુ કરી દેવામાં આવે અને તેનો ફાયદો મહત્તમ નાના ખેડૂતોને મળી રહે તે મુજબ આગવી વ્યવસ્થા રાજય સરકાર દ્વારા ઉભી કરવામાં આવે તેવી માંગણી પત્રમાં કરવામાં આવી છે.

# ઉનામાં આવેલ એમ.કે. કોમ્પલેક્ષ જર્જરિત હાલતમાં







(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૧૪

ઉના મધુરમ સ્કૂલની સામે એમ.કે. કોમ્પ્લેક્સ ઋષિતોયા સોસાયટી પાસે અતી જર્જરીત હાલતમાં છે. આ કોમ્પ્લેક્સમાં માલિકી અને ભાડુત રહેવાસી છે. કોમ્પ્લેક્સનો માલિક હજી સુધી કામગીરી કરી નથી. કોમ્પ્લેક્ષમાં રહેતા લોકોને નોટિસ આપી છે. શું આ કામગીરી ક્યારે થશે તેવા લોકોમાં સવાલ ઉઠયો છે અને આ કોમ્પ્લેક્સ પાયાથી ખૂબ જ જર્જરીત હાલતમાં હોય અને ગમે ત્યારે દુર્ઘટના થાય તો જવાબદાર કોણ ? કોમ્પ્લેક્સનો ભાગને પાયા પણ જર્જરીત છે. તંત્ર વહેલી તકે કામગીરી કરે તેવી લોકોની માંગણી ઉઠી છે. આ કોમ્પ્લેક્સ હાલ ત્રણ માળનું કોમ્પ્લેક્સ અત્યંત જર્જરીત હાલતમાં છે. કોમ્પલેક્ષની નીચે દુકાનો આવેલી છે જેથી આ વિસ્તારમાં ભારે ભીડની અવર જવર રહેતી હોય છે માટે આ કોમ્પ્લેક્સ વહેલાસર કામગીરી થાય લોકોની માંગણી છે. ઉનામાં જૂના કોમ્પલેક્ષની તપાસ કરી તેની સામે યોગ્ય પગલાં લે તેવી માંગ ઉઠી છે.

# આદિત્યાણા : ખેતીની જમીનના વેચાણની નોંધ દાખલ કરવા તેમજ પ્રમાણિત કરવાની કાર્યવાહી વધુ સરળ બને તે માટે રાજ્ય સરકારના ખેડૂતલક્ષી નિર્ણય

(પ્રકાશ ભીખુલાલ પંડિત દ્વારા)

આદિત્યાણા તા.૧૪

અત્યાર સુધી ખેતીની જમીનના વેચાણના કિસ્સાઓમાં હક્કપત્રકમાં વેચાણ નોંધ દાખલ કરવાની હોય ત્યારે ખેડૂત ખાતેદાર પાસેથી ૧૯૫૧-૫૨થી ખેડૂત હોવા અંગે ખેડૂત ખરાઈ પ્રમાણપત્રનો આગ્રહ રાખવામાં આવતો હતો. પરંતુ વિવિધ કારણોસર આ પુરાવાઓ અપ્રાપ્ય હોવાના કારણે વેચાણ નોંધો તેમજ બિનખેતી અરજીઓ નામંજૂર કરવામાં આવે તેમ બનતું હતું. પરંતુ હવે રાજ્ય સરકારે ખેતીની જમીનની વેચાણ નોંધ પ્રમાણિત કરવા અંગેના નિર્ણયમાં ખેડૂત ખરાઈની ચકાસણીમાં તા. ૬ એપ્રિલ ૧૯૯૫ પછીના રેકર્ડને જ ધ્યાનમાં લેવાનો નિર્ણય કર્યો છે. આવી ખરાઈ કરતી વખતે ૬ એપ્રિલ ૧૯૯૫ પહેલાંના સમયે ધારણ કરેલી કોઈ જમીનના કિસ્સામાં અરજદાર જમીન મૂળથી કેવી રીતે ધારણ કરે છે તેની ચકાસણી કરવાની બાબતો ખેતીની જમીનની હવે પછી વેચાણની નોંધ મંજૂર કરવાના તબક્કે લાગુ પડશે નહીં. જે જમીનો મૂળથી જૂની શરતની હોય તથા ખેતીથી ખેતીના હેતુ માટે જૂની શરત થયેલ હોય, પરંતુ બિનખેતી માટે પ્રિમિયમને પાત્ર હોય - તેવી જમીનો માટે જ્યારે બિનખેતી માટેની અરજી આવે, ત્યારે માત્ર ખેડૂત ખરાઈના હેતુસર ૬ એપ્રિલ ૧૯૯૫ પછીનું જ રેકર્ડ ધ્યાને લેવાનું રહેશે. હાલ જે કેસોમાં ખેડૂત ખાતેદારના દરજ્જા બાબતે લીટીગેશન કે તપાસ પડતર છે, તેવા કિસ્સાઓમાં આ જોગવાઈઓ લાગુ પડશે નહિ. ઉપરોક્ત બાબતે પોરબંદરના સ્ટેમ્પ વેન્ડર પ્રફુલભાઈ ખીમજીભાઈ માંડવીયા સહીત પોરબંદરના ઘણા આગેવાનોએ અનેક વખત રજુઆતો કરેલ હતી. અત્યાર સુધી ૧૯૫૧થી રેકોર્ડ ચેક કરવાના કારણે લોકોના કામમાં ખૂબ વિલંબ થતો હતો અને અનેક અરજીઓ દફતરે થઈ જતી હતી અને લાંચીયા અધીકારીઓ ૧૯૫૧થી દફતર ચેક કરવાને બહાને પાણીમાંથી પુરા કાઢી લાખો રૂપીયાનો ભ્રષ્ટાચાર કરતા હતા અને આમ આદમી હેરાન થતો હતો આમ હવે આ પરિપત્રાથી ભ્રષ્ટાચારની ગતીવીધીને થોડીઘણી બ્રેક લાગશે તેવું લાગી રહેલ છે.

# વેરાવળ માર્કેટીંગ યાર્ડ પાસેથી ખનીજનું ગેરકાયદેસર પરીવહન કરતા પાંચ ટ્રેકટર ઝડપાયા

## કલેકટરની સુચનાથી અધિકારીઓ ૨૫ લાખનો મુદામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૪

ગીર સોમનાથ જિલ્લામાં કુદરતી સંપદા એવા ખનીજોનું બેફામ રીતે ગેરકાયદેસર પરીવહન થઈ રહ્યું છે જેની સામે જીલ્લા કલેકટરે લાલ આંખ કરી કાર્યવાહી કરવા સૂચના આપતા સફાળા જાગેલા ખાણ ખનીજ વિભાગે વેરાવળ માર્કેટિંગ યાર્ડ પાસેથી રેતી અને મોરમ ખનીજનું ગેરકાયદેસર પરીવહન કરતાં પાંચ ટ્રેક્ટરોને ઝડપી લઈ આગળ આગળની કાર્યવાહી હાથ ધરતા ખનીજચોરોમાં ફફડાટની લાગણી પ્રસરી છે. છેલ્લા ઘણા સમયથી વેરાવળ સહિત સમગ્ર જીલ્લામાં તંત્રની મીઠી નજર હેઠળ ખનીજ ચોરી સાથે ગેરકાયદેસર પરીવહન થતું હોવાની વ્યાપકલોક ચર્ચાઓ ઉઠતા તંત્ર હરકતમાં આવ્યું છે. આ ગેરકાયદેસર પ્રવૃતિને ડામી દેવા જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજા દ્વારા કડક સૂચના આપતા નિંદ્રાદિન અવસ્થામાં રહેલા ખાણ ખનીજ વિભાગે કામગીરી કરવાનો શરૂ કર્યુ છે. જે અંતર્ગત આજે સવારે ભૂસ્તર શાસ્ત્રીની ટીમ દ્વારા વેરાવળ માર્કેટિંગ યાર્ડ પાસે હાઈવે ઉપરથી એક રેતી અને ચાર મોરમ ખનીજ ભરેલા ટ્રેક્ટરોને ગેરકાયદેસર રીતે પરીવહન કરવા બદલ ઝડપી લીધા હતા. આ પાંચેય ટ્રેક્ટર અને ખનીજ મળી કુલ રૂા.૨૫ લાખનો મુદ્દા માલ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો હતો. આ ખનીજ ક્યાંથી લાવેલ અને ક્યાં જતો હતો તેમજ તેની રોયલ્ટી ભરી છે કે કેમ તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

# શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્ત દ્વારકાના ભૂલકાઓએ ઈકો ફ્રેન્ડલી ગણપતિનું સર્જન પૂજન વિસર્જન કરી ગણેશ મહોત્સવની કરી ઉજવણી : પર્યાવરણનો સુંદર સંદેશો પાઠવ્યો





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૪

દ્વારકાના દ્વારકાધીશ જગત મંદિરમાં સેવા પૂજા અને યજમાનવૃત્તિ કરનારા શ્રી ગુગ્ગળી બ્રાહ્મણ જ્ઞાતિના બાળકો દ્વારા ઈકો ફ્રેન્ડલી ગણપતિનું સર્જન પૂજન તેમજ વિસર્જન કરવામાં આવ્યું જેમાં માટી, ગાયનું છાણીયું ખાતર, ગંગાજળ, ગોમતીજળ, ગૌરજ, ચંદનના લાકડા નો ભૂકો વગેરે સામગ્રી દ્વારા પોતાના નાના-નાના હાથ વડે બાળકો અને બાલિકાઓ દ્વારા ૨૧ જેટલી ગણપતિ પ્રતિમાઓનું સર્જન કરવામાં આવ્યું બ્રહ્મપુરી નંબર-૧ ખાતે તેમનો પૂજન કરવામાં આવ્યું અને વૃક્ષો માટેના કુંડાઓમાં પ્રતિમાઓનું વિસર્જન કરી છોડ નીવાવણી કરી પર્યાવરણ બચાવવા માટેનો સુંદર સંદેશો પાઠવવામાં આવ્યો. આ પ્રસંગે બ્રાહ્મણ કારોબારી સમિતિ સદસ્ય નંદ કિશોરભાઈ તેમજ જ્ઞાતિ શિક્ષણ મંત્રી અજીતભાઈ પાઢ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ઝાંઝરી ગ્રુપના શ્વેતાબેન અને હિતેનભાઈ ઠાકર દ્વારા વિશેષ સહયોગ આપવામાં આવ્યો હતો. સામાજિક કાર્યકર સન્નીભાઈ ભાઈ પુરોહિત અને તેમની ટીમ દ્વારા આ સમગ્ર કાર્યક્રમ અને વ્યવસ્થાની જહેમત ઉઠાવવામાં આવી હતી.

# એકાદશી-શનિવાર નિમિત્તે શ્રી કષ્ટભંજન દેવ દાદાને ૩૦૦ કિલો ગુલાબના ફુલોનો દિવ્ય શણગાર



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૧૪

સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે આજે પ.પૂ શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી પ્રેરણા અને કોઠારીશ્રી વિવેકસાગર સ્વામીના માર્ગદર્શનથી એકાદશી નિમિત્તે તા.૧૪-૦૯-૨૦૨૪ને શનિવારના રોજ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને ગુલાબના ફુલોનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો એવં સવારે ૦૫:૩૦ કલાકે મંગળા આરતી પ.પૂ શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી - અથાણાવાળા તથા ૦૭:૦૦ કલાકે શણગાર આરતી પ.પૂ શ્રી શુકદેવ સ્વામી દ્વારા કરવામાં આવી હતી. આ અનેરા દર્શનનો લાભ હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો. આજે દાદાને કરાયેલા શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું કે, આજે દાદાને એકાદશી -શનિવાર નિમિત્તે વિશેષ વાઘા અને સિંહાસને ૩૦૦ કિલો ફુલનો શણગાર કરાયો છે. આ તમામ ફુલ વડોદરાથી મંગાવવામાં આવ્યા છે. જેમાં ઓર્કિડ અને ગુલાબના ફુલ છે. ૬ સંતો -પાર્ષદોની મહેનત અને ૪-૫ કલાકનો સમય લાગ્યો હતો. તો આજે સાંજે દાદાનું રાજોપચાર પૂજન -અભિષેક- આરતીનું આયોજન કરવામાં આવ્યું છે.


વિસાવદર નગરપાલિકા – વિસાવદર, જી. જુનાગઢ

ઓનલાઇન ટેન્ડરની જાહેર નિવિદા(બિજો પ્રયત્ન)

વિસાવદર નગરપાલિકા, વિસાવદર, જી. જુનાગઢને સરકારશ્રી દ્વારા મજૂર થયેલ વિવિધ યોજના અંતર્ગત નીચે મુજબના કામો કરાવવા માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.(બિજો પ્રયત્ન)

કામનં.૦૧:- સને ૨૦૨૩-૨૪ વર્ષની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત બસ સ્ટેન્ડ પાસે કાબરાના પુલથી સરદાર ચૌક સુધી ટ્રી-મિક્ષ સાથે આર.સી.સી. રોડ બનાવવાનું કામ. (બિજો પ્રયત્ન)

| | |
|---|---|
| અંદાજીત રકમ : ૧૬.૪૭ લાખ | સમયમર્યાદા : ૦૬-માસ |
| ઈ.એમ.ડી. : ૧૬,૫૦૦-૦૦ | ટેન્ડર ફી : ૯૦૦-૦૦ |

વેબસાઇટ : https://tender.nprocure.com/

ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ તથા જરૂરી ડોકયુમેંટ અપલોડ કરવાની છેલ્લી તારીખ : ૩૦/૦૯/૨૦૨૪ના ૧૮:૦૦ કલાક સુધી

'ફક્ત ઓરિજનલ ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. સ્પીડ પોસ્ટ / કુરિયર / આર.પી.એ.ડી. ના માધ્યમથી પહોંચતા કરવાની છેલ્લી તારીખ : ૦૫/૧૦/૨૦૨૪ના ૧૬:૦૦ કલાક સુધી, ચીફ ઓફિસર, વિસાવદર નગરપાલિકા, મુ. વિસાવદર, જી. જુનાગઢ.

ટેક્નિકલ બિડ ખોલવાની તારીખ : ૦૭/૧૦/૨૦૨૪ના ૧૧:૦૦ કલાકે

પ્રાઇઝ બિડ ખોલવાની તારીખ : ૦૭/૧૦/૨૦૨૪ના ૧૧:૩૦ કલાકે

ઉપરોક્ત કામ અંગે વધારે માહિતી તેમજ ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે ઉપરોક્ત જણાવેલ વેબસાઇટ પરથી તારીખ ૧૬/૦૯/૨૦૨૪થી જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

જા.નં.:

તા. /૦૯/૨૦૨૪

ચીફ ઓફિસર

વિસાવદર નગરપાલિકા

માહિતી/જુના/જા.ખ./૬૩૩/૨૪


# ઉનાના ગીરગઢડામાંથી ગુમ થયેલ યુવાનની લાશ મળી



(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૧૪

ઊનાના ગીર ગઢડા ગામે રહેતા કિરણગીરી ગીરીરાજગીરી ગોસ્વામી (ઉ.વ.૩૦) ગત તારીખ ૧૧-૯ને બુધવારે ઘરેથી કોઈને કહ્યા વગર ઘરેથી નીકળી ગયો હતો અને ગુમ થઈ ગયાની પોલીસમાં જાહેરાત કરી હતી. ગીર ગઢડા ગામના રેલવે સ્ટેશન પાસે પાંચ નાળાની બાજુમાં પાણીના ખાડામાં માનવ લાશ પડી હોવાની જાણ પોલીસને થતાં ઘટના સ્થળે પહોંચી કિરણગીરીના પરિવાર સાથે પહોંચી લાશ કિરણગીરીની ઓળખી બતાવી હતી. લાશને ગીર ગઢડા સરકારી હોસ્પિટલે લઈ જવામાં આવી હતી. લાશ કોહવાયેલી હાલતમાં હોય પોસ્ટ મોર્ટમ કરવા જામનગર મેડિકલ કોલેજમાં લઈ જવામાં આવી છે. પોલીસે અકસ્માતે મોતની નોધ કરી છે. પોસ્ટ મોર્ટમ રિપોર્ટ આવીયા પછી મૃત્યુંનું કારણ જાણવા મળશે. ગોસ્વામી પરિવારમાં શોકનું વાતાવરણ બની ગયું છે.

# ખંભાળિયાના દાતા ગામે ખેતીની જમીન અંગેનો દાવો નામંજૂર કરતી સિવિલ કોર્ટ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૪

ખંભાળિયા તાલુકાના દાતા ગામે આવેલી રેવન્યુ સર્વે નંબર ૩૨૨ પૈકી ૯, જુના રેવન્યુ સર્વે નંબર ૩૨૬ પૈકીની ખેતીની જમીન કે જે સંબંધે ખતુબેન બાવાભાઈએ ગુજરનાર જુસબ બાવાભાઈએ ગુજ. જુસબ બાવાભાઈ તથા અકબર મામદ, મામદ મુંગર સામે જ્ઞાપન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા માટેનો દાવો દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસના ચાલુ કામે મનાઈ હુકમ કરવામાં આવેલ હોય, જેથી કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની અરજી પણ થઈ હતી. આ કેસ સિવિલ અદાલત સમક્ષ ૧૧ વર્ષ ચાલ્યો હતો. જેમાં પુરાવાના અંતે આખરી દલીલ પ્રતિવાદી તરફે થતાં તાજેતરમાં નામદાર કોર્ટે પ્રતિવાદી ગુજર જુસબ બાવાભાઈ વિગેરે વતી રોકાયેલા ખંભાળિયાના સિનિયર એડવોકેટ કે.એચ. ત્રિવેદી દ્વારા કરવામાં આવેલી દલીલોને ગ્રાહ્ય રાખી, વાદી ખતુબેન બાવાભાઈ કે જેઓ ચાલુ કામે અવસાન પામતા તેમના વારસો નૂરમામદ ઈસ્માઈલ ખીરા વિગેરે ૧૦ જોડાયેલા હોય, તેમની દાવા અરજી ખર્ચ સહિત નામદાર કોર્ટેના મંજૂર કરી હતી અને પ્રતિવાદીને કેસના કામે થયેલા ખર્ચ આપવા પણ હુકમ કર્યો છે. આ કેસમાં પ્રતિવાદી ગુજર જુસબ બાવા વિગેરે ૩ તરફે ખંભાળિયાના સિનિયર એડવોકેટ કમલભાઈ ત્રિવેદી, ડી.ડી. લુણા, આસિસ્ટન્ટ કરણભાઈ સવજાણી, ધાર્મિક રાજગોર વિગેરે રોકાયા હતા

# આવતીકાલે રવિવારે વામન જયંતિ : સોરઠ ધરા ઉપર આવેલું છે ભગવાન વામનરાયનું મંદિર



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૪

આવતીકાલ રવિવારે ભાદરવા સુદ ૧૨ના રોજ પવિત્ર વામન જયંતિ છે. ત્યારે એ પણ જાણવું રસપ્રદ થશે કે સોરઠની આ ધરામાં તેમનું પાવનકારી મંદિર આવેલું છે. જૂનાગઢ પાસે આવેલા તાલુકા મથક વંથલી ખાતે પૌરાણીક વામન ભગવાનનું મંદિર આવેલું છે અને ભગવાન વામને વંથલીમાં જન્મ લીધો હોવાની એક માન્યતા છે તેમ માહિતી જણાવે છે. કથા મુજબ બલીરાજાએ વામન ભગવાનને વચન માંગવા કહ્યું ત્યારે તેમણે ત્રણ ડગલા જમીન માંગી હતી. વામન સ્વરૂપ ભગવાનને ત્રણ ડગલામાં આકાશ, પાતાળ અને પૃથ્વીને સમાવી લીધી હોવાની માન્યતા ખાસ આ દિવસે દર્શનાર્થે જઈ લોકો ધન્ય બને છે.

# જૂનાગઢમાં રોગચાળાએ માથું ઉંચકયું

## શરદી, ઉધરસ, તાવનાં વાયરા : આરોગ્ય વિષયક પગલા ભરવામાં તંત્રની નિષ્ફળતા

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢમાં રોગચાળાએ માથું ઉંચકયું હોય તેમ લાગે છે. શરદી, ઉધરસ અને તાવનાં વાયરા જોવા મળે છે. દવાખાનાઓમાં રોજના સંખ્યાબંધ કેસો આવી રહયા છે. ખાસ કરીને નાના બાળકો સહિતનાંઓને અસર થઈ રહી છે. રોગચાળાની સામે આરોગ્ય વિભાગનું તંત્ર ઉણું ઉતર્યુ છે. આરોગ્ય વિષય પગલા લેવાનાં સંબંધીત તંત્રની બેદરકારી જોવા મળી રહી છે ત્યારે શહેરમાં રોગચાળાને વધતો અટકાવવા સફાઈ અભિયાન, દવાનો છંટકાવ સહિતનાં પગલા ભરવા માંગ ઉઠી રહી છે. ચોમાસાના દિવસો ભરપુર રહયા અને સતત ત્રણ માસ કરતા વધારે સમય થયા વરસાદ વરસવાના કારણે શહેરનાં રસ્તાઓનો કચ્ચરઘાણ નીકળી ગયો છે તો આ સાથે જ વિવિધ વિસ્તારોમાં ગંદકી, ખાબોચીયામાં પાણી ભરાવા અને મચ્છરોનાં ઉત્પાદન કાર્ય વેગવાન બને તેવા ગંદકીનાં સામ્રાજય વચ્ચે જનજીવન ધબકી રહયું છે. શહેરનો એક પણ વિસ્તાર એવો નથી કે ગંદકી અને કચરાના ઢગલા ન હોય !! આવી સમસ્યા ઠેર ઠેર જોવા મળે છે દરમ્યાન ચોમાસાનાં દિવસો હવે પુરા થવામાં છે અને વરસાદી જાપટા વચ્ચે ચોમાસાની વિદાયનાં દિવસો ગણાય રહયા છે. ચોમાસાનાં દિવસો દરમ્યાન જ ઠેર ઠેર ખાબોચીયા અને ગંદકી થવાના કારણે હાલ શહેરમાં શરદી, ઉધરસ, તાવ સહિતનાં વાયરા જોવા મળ્યા છે. સરકારી હોસ્પિટલ,ખાનગી દવાખાનામાં તાવનાં વાયરાને લીધે દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. શરદી-ઉધરસ, તાવનાં રોગચાળાને નાથવા માટે તંત્ર દ્વારા આરોગ્ય વિષયક પગલા જે લેવાવા જોઈએ તો લેવાયા નથી અને જેના કારણે તાવ, ઉધરસ, શરદીનો રોગચાળો વધી રહયો છે.

હાલ જે રીતે રોગચાળો માથું ઉંકી રહયો છે તે જોતા શહેરભરના આરોગ્ય વિષયક પગલા સંબંધીત તંત્રએ લેવા જોઈએ. ખાસ કરીને નિયમિત સફાઈ અભિયાન, ડીડીટીનો છંટકાવ અને ગંદકી કચરાને દુર કરવા માટે પગલા લેવા જોઈએ તેવી આમ જનતાની માંગણી ઉઠી છે. રોગચાળા સામે તંત્રનાં ઉદાસીન વલણ અંગે ટીકા પણ થઈ રહી છે અને લોકો તો ત્યાં સુધી બોલી રહયા છે કે જયારે કોઈ મહાનુભાવ(સરકાર)નાં આ શહેરની મુલાકાતે આવે છે ત્યારે આ મહાનુભાવ જે વિસ્તારમાંથી પસાર થવાનાં હોય ત્યાં રાતોરાત રસ્તા રીપેર કરી દેવામાં આવે છે. એટલું જ નહીં રસ્તાઓ ઉપર પટા આલેખવામાં આવે છે અને આટલેથી જ વાત અટકતી નથી પરંતુ રસ્તાઓ ઉપર ડીડીટી છંટકાવ પણ ખુબ જ સારી રીતે કરવામાં આવે છે.

આમ, જૂનાગઢની મુલાકાતે આવનાર મહાનુભાવ સમક્ષ સારી છાપ પાડવા માટેના અનેકવિધ પગલા લેવામાં આવે છે. આજે જયારે રોગચાળો વકર્યો છે ત્યારે રોગચાળાને કાબુમાં લેવા માટે જૂનાગઢ શહેરનાં તમામ વિસ્તારોમાં આરોગ્ય વિષયક પગલા લેવાની માંગણી ઉઠવા પામી છે.

### સમાજ માટે લાલબત્તી સમાન કિસ્સો

# ૧૫ વર્ષની સગીરાને પ્રેમજાળમાં ફસાવી પ્રેમીએ દુષ્કર્મ આચરી દેહવિક્રયના ધંધામાં ધકેલી દીધી : ૧૪ નરાધમો સામે ફરિયાદ : બે ની ધરપકડ



જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ શહેરના એક વિસ્તારની એક સગીરાને પ્રેમજાળમાં ફસાવી અને બાદમાં આ કહેવાતા પ્રેમીએ તેની પર દુષ્કર્મ ગુજાર્યા બાદ સગીરાને મિત્રના હવાલે કરી દીધી હતી અને દેહવિક્રયના ધંધામાં ધકેલી અલગ-અલગ હોટેલમાં ગ્રાહકો બોલાવી સગીરા ઉપર દુષ્કર્મ આચર્યુ હોવાની વિગતોનો કિસ્સો બહાર આવતા ચકચાર જાગી ઉઠી છે. આ બનાવમાં ૧૪ શખ્સોના નામ ખુલવા પામતા પોલીસે બે શખ્સોની ધરપકડ કરી અને વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવ અંગે જૂનાગઢના ડીવાયએસપી હિતેશ ધાંધલીયાએ આપેલી વિગત અનુસાર જૂનાગઢ શહેરમાં રહેતી સગીર વયની તરૂણી ગત તા.૨૦ ઓગષ્ટના રોજ ઘરેથી કોઈને કહ્યા વિના ગુમ થઈ હતી અને જે અંગે તેના પિતા દ્વારા તેમની દિકરીનું અપહરણ થયા અંગે તા.૨૪ ઓગષ્ટે કલમ ૧૩૭ અંતર્ગત અજાણ્યા શખ્સ સામે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પી.આઈ. બી.બી. કોળી સહિતના સ્ટાફે ટેકનીકલ સર્વેલન્સ અને બાતમીના આધારે તપાસ કરતા આ સગીરા રાજકોટ ખાતેથી મળી આવી હતી. બાદમાં સગીરાનું કાઉન્સેલીંગ કરતા ચોંકાવનારી વિગતો સામે આવી હતી. પુછપરછમાં સગીરાના જણાવ્યા અનુસાર આ બાળાને અરબાજ મુલતાની નામના શખ્સ સાથે પ્રેમ હોય તેની ઉપર જૂનાગઢમાં અલગ અલગ હોટેલમાં દુષ્કર્મ આચર્યુ હોવાનું પણ સામે આવ્યું હતું તેમજ રીહાન ઉર્ફે રેહાન યુનુસ નામના યુવક સાથે છેલ્લા ત્રણેક મહિનાથી તેણી સંપર્કમાં આવી હતી અને બાદમાં તેણી રાજકોટ પહોંચી હતી અને ત્યાં તેણીને રાજકોટની અલગ-અલગ હોટેલમાં દુષ્કર્મ ગુજારી અને બાદમાં તેને દેહવિક્રયમાં ધકેલી દેવામાં આવી હતી. અલગ-અલગ હોટેલમાં તેના મિત્રો અને ગ્રાહકોને બોલાવી સગીરા પાસે ધંધો કરાવવામાં આવતો હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી હતી.

આ બનાવમાં પોલીસે વધુ તપાસ હાથ ધરી અને ઉંડાણપૂર્વકની પુછપરછ કરતા ચાર અજાણ્યા શખ્સો સહિતના ૧૪ શખ્સોના નામ સામે આવ્યા હતા. જેમાં રેહાન યુનુસ, અરબાજ મુલતાની, હાર્દિક સીંધી, અયાન મુલતાની, આકાશ, સત્યમ, સત્યમનો મિત્ર અંશુ સહિતના આરોપીઓના નામ સામે આવ્યા હતા. પોલીસે આ બનાવના અનુસંધાને રેહાન યુનુસ અને કિરણ બીસ્ટ નામના બે શખ્સોની ધરપકડ કરી અને કોર્ટમાં રીમાન્ડ મેળવવા રજુ કરવામાં આવતા આ બન્ને આરોપીના ૪ દિવસના રીમાન્ડ મંજુર કરવામાં આવ્યા છે. આ બનાવના અનુસંધાને પોલીસે અપહરણના ગુનામાં સેકશન ૬૪-૬૫ અને પોકસોની કલમનો ઉમેરો કરીને અન્ય આરોપીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કરાયા છે. આ ઉપરાંત રાજકોટમાં જે-જે હોટેલમાં તેના ઉપર દુષ્કર્મ ગુજારવામાં આવ્યો હતો તે હોટેલના સીસીટીવી ફુટેજ કબ્જે કરીને પુરાવાઓ એકત્રીત કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. બીજી તરફ સગીરાએ તેના માતા-પિતાના ઘરે જવાની ના પાડતા હાલ તેને શિશુમંગલ ખાતે મોકલી દેવામાં આવેલ છે.

જૂનાગઢમાંથી ૨૦ ઓગષ્ટના રોજ લાપતા બનેલી સગીરાના અપહરણ અને ત્યારબાદ તેના પ્રેમીએ દુષ્કર્મ ગુજારી અને આ બાળાને મિત્રોના હવાલે કરી દીધી એટલું જ નહીં ત્યારબાદ તેણીને દેહવિક્રયના ધંધામાં પણ ધકેલી દેવામાં આવ્યાના બનાવને પગલે ચકચાર જાગી છે. બાળા ગુમ થયા બાદ પોલીસની ઉંડાણપૂર્વકની તપાસમાં આખરે બાળાની ભાળ મળી જતા તેને રાજકોટની એક હોટેલમાંથી મળી આવી હતી અને આ હોટેલમાંથી સગીરા રાજકોટના રણછોડનગરમાં આવેલ શ્રીરામ કોમ્પ્લેક્ષના ગ્રાઉન્ડમાં રહેતો કિરણ કાલુસીંઘ બીસ્ટ સાથે મળી આવી હતી. સગીરાની પુછપરછમાં આ બનાવ અંગેની ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. તેના અનુસંધાને પોલીસે સગીરા પર અવાર-નવાર શરીરસંબંધ બાંધી અને દુષ્કર્મ આચરવા સબબ આરોપી વિરૂધ્ધ જૂનાગઢ એ-ડીવીઝન પોલીસે ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૪ ની કલમ ૬૪(૨)(આઈ), ૬૪(૨)(એમ), ૬૫(૧), ૯૯ તથા પોકસો એકટની કલમ (૪)(૫)(એલ)(૬)(૮)(૧૨) મુજબની કલમનો ઉલ્લેખ કરી ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢમાં આજે વરસાદી માહોલ હળવાથી ભારે વરસાદના ઝાપટા

જૂનાગઢ તા.૧૪

આજે સવારથી જ જૂનાગઢ સહિત જીલ્લા વિવિધ વિસ્તારમાં વરસાદી માહોલ છવાયો છે અને હળવાથી ભારે વરસાદના ઝાપટા પડયા હતા. તેમજ વાદળછાયું વાતાવરણ રહ્યું છે. ચોમાસુ તેના અંતિમ ચરણમાં પહોંચી ગયું છે. હવે વરસાદના ગણ્યા ગાઠયા દિવસો જ બાકી રહ્યા છે ત્યારે એક અઠવાડીયા કરતા વધારે સમયથી ઉઘાડ રહ્યા બાદ આજે ફરી વરસાદી માહોલ છવાયો છે. જૂનાગઢ શહેરની વાત કરીએ તો આજે સવારના મેઘાડંબર છવાયો હતો અને હળવા ઝાપટા પડયા છે. ત્યારે જૂનાગઢ શહેર અને આસપાસના વિસ્તારો તેમજ જીલ્લામાં પણ ભારે વરસાદના ઝાપટા પડયા હોવાના અહેવાલો છે. જોકે, ભરચોમાસુ ગયા બાદ હવે પાછોતરા દિવસોમાં વરસાદના હળવા ઝાપટાનો મારો શરૂ થયો છે. તો બીજી તરફ હવામાન વિભાગ અને વર્ષા વિજ્ઞાનના તજજ્ઞો દ્વારા આગામી નવરાત્રીના સમયમાં વરસાદ પડે તેવી શકયતા દર્શાવવામાં આવી છે. હાલ વરાપના માહોલ વચ્ચે ખેડુતોએ પોતાનું ખેતી કાર્ય પણ પુરજોશથી શરૂ કરી દીધું છે અને વરાપ જેવું વાતાવરણ સર્જાય તો મગફળી, કપાસ સહિતના પાકોને સુરક્ષીત કરવા માટે નિંદામણ કરવામાં આવી રહ્યું છે.

# ઉપલા દાતાર મહાપર્વ ઉર્ષનો અમૂલ્ય આભૂષણોની ચંદન વિધિ સાથે થયેલો પ્રારંભ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

કોમી એકતાના પ્રતીક સમી ઉપલા દાતારની ધાર્મિક જગ્યાનો મહાપર્વ ઉર્ષનો ગઈ રાત્રીના દાતાર બાપુ જે ધારણ કરતા હતા તે અમૂલ્ય આભૂષણોની ચંદન વિધિનો કાર્યક્રમ જગ્યાના મહંત શ્રી ભીમબાપુની નિશ્રામાં સંપન્ન થયો હતો. દાતાર બાપુના અમૂલ્ય આભૂષણો ગઈ રાત્રીના ગુફામાંથી બહાર લવાયા હતા અને તેને પૂજ્ય ભીમબાપુ દ્વારા તેની પૂજા અર્ચના ગંગાજળ, દૂધ વગેરે દ્રવ્યોથી તેમને સ્નાન કરાવાયું હતું અને ચંદનનો લેપ લગાડાયો હતો અને ત્યારબાદ એ આભૂષણોને પરત ગુફામાં પધરાવી દેવામાં આવ્યા હતા. આ પ્રસંગે આખી રાત ભાવિકોનો અવિરત પ્રવાહ આભૂષણોના દર્શન કરવા દાતાર પર્વત ઉપર જય ચડ્યો હતો. જેમાં ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, પૂર્વ મેયર જ્યોતિબેન વાછાણી સહિતના આગેવાનો અને પોલીસ અધિકારી હાજર રહ્યા હતા. આ પ્રસંગે પધારેલા હજારો ભાવિકોએ દાતાર બાપુનો મહાપ્રસાદ પણ ગ્રહણ કર્યો હતો અને દાતાર બાપુના અમૂલ્ય આભૂષણોના દર્શન કરી અને ધન્ય બન્યા હતા.

(તસ્વીર : વિજય ત્રીવેદી)

# આવતીકાલે જૂનાગઢમાં કેળવણીકાર પેથલજીભાઈ ચાવડાની જન્મજયંતિ ઉજવાશે : વિવિધ કાર્યક્રમો

## એસપી હર્ષદ મહેતા, ડીડીઓ, ધારાસભ્ય સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે



શ્રી પેથલજીભાઈ ચાવડા

(પ્રતિનિધિ દ્વારા)


જૂનાગઢ તા.૧૪

જૂનાગઢના કેળવણીકાર પેથલજીભાઈ ચાવડાની કાલે રવિવારના રોજ ૯૫મી જન્મજયંતિની સુભાષ એકેડમી ખાતે જવાહરભાઈ ચાવડાના અધ્યક્ષ સ્થાને ઉજવણી કરવામાં આવનાર છે.

જેમાં સુભાષ હોસ્પિટલ ખાતે સવારે ૯ કલાકે રકતદાન શિબીર યોજાશે જેનું ઉદઘાટન એસપી હર્ષદ મહેતા કરશે અને અતિથી વિશેષ તરીકે ડીડીઓ નિતીન સાંગવાન ઉપસ્થિત રહેશે અને સાંજે ૫:૩૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ ધારાસભ્ય સંજય કોરડીયાના અધ્યક્ષ સ્થાને અને મુખ્ય મહેમાન ડો. અંકિતાબેન મુલાણી લેખક પ્રેરકવકતા અને રાત્રે ૯ કલાકે રંગભવન સુભાષ એકેડમી ખાતે હાસ્યકલાકાર હિતેષ અંટાળાનો કાર્યક્રમ રાખેલ છે. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જવાહરભાઈ પી. ચાવડા અને રાજ ચાવડાના માર્ગદર્શન હેઠળ તૈયારી થઈ રહી છે.

# આવતીકાલે જૂનાગઢ સમસ્ત બ્રહ્મ સમાજ સિનીયર સિટીઝન મંડળ દ્વારા ભવનાથ મહાદેવ મંદિરે ધ્વજા રોહણ અને મહાપ્રસાદનું આયોજન

## જગદગુરૂ સ્વામી નરેન્દ્રાનંદ સરસ્વતી આશિવર્ચન પાઠવશે




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ સમસ્ત બ્રહ્મ સમાજ મહાનગર સિનીયર સિટીઝન મંડળના હુસુભાઈ જોષી, કે.ડી. પંડયા, મહેશભાઈ જોષીના માર્ગદર્શન હેઠળ રવિવારે સુપ્રસિધ્ધ ભવનાથ મહાદેવ મંદિર સવારે ૮:૩૦ કલાકે ધ્વજા રોહણનું આયોજન કરેલ છે. જેમાં સવારે ૮:૩૦થી ૯:૩૦ ધ્વજાનું પૂજન બાદમાં મંદિરના શિખર ઉપર ધ્વજારોહણ કરવામાં આવશે અને ૧૦:૩૦ કલાકે જગતગુરૂ શંકરાચાર્ય અનંત વિભુષિત સ્વામી નરેન્દ્રાનંદ સરસ્વતીજી મહારાજ(કાશી) આશિવર્ચન આપશે અને બપોરે ૧૨ કલાકે ભોજન પ્રસાદનું આયોજન કરાયું છે. તો તમામ સભ્યોએ ઉપસ્થિત રહેવા શૈલેષભાઈ પંડયાએ જણાવ્યું છે.

# જૂનાગઢમાં પૈસાની લેતી-દેતીના મનદુ:ખે મારમાર્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ શહેરના સેજની ટાંકી વિસ્તારમાં પૈસાની લેતી દેતી બાબતે હુમલો કરી મારમાર્યાની ફરીયાદ એ ડીવીઝન પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસ મથકે સાહીદભાઈ ગુલામ હુશેન જેઠવાએ રફીક ઉર્ફે પીદી અને બે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી તથા આરોપી રફીક ઉર્ફે પીદીને પૈસાની લેતી દેતી બાબતે બોલચાલી થતા તેનું મનદુ:ખી રાખી આરોપીએ છરીની મુઠથી ફરીયાદીના નાક પર મારમારી લોહી કાઢી તથા અજાણ્યા આરોપીઓએ પકડી રાખી ઢીકાપાટુનો મારમાર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માણાવદરમાં ચાલતા જુગારધામ પર પોલીસના દરોડા ૯.૩૭ લાખના મુદ્દામાલ સાથે ૬ જુગારીઓ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

માણાવદર-મીતડી રોડ આવેલ ઈન્ડસ્ટ્રીઝના શેડમાં ચાલતા જુગારધામ પર માણાવદર પોલીસે દરોડો પાડતા ૬ શખ્સોને ૯.૩૭ના લાખના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માણાવદર પોલીસે માણાવદર-મીતડી રોડ પર આવેલ દ્વારકાધીશ ઈન્ડસ્ટ્રીઝમાં આવેલ શેઈડમાં હરેશ ગોવીંદભાઈ ભેટારીયા નાલના પૈસા ઉઘરાવી જુગારધામ ચલાવતો હોવાની બાતમીના આધારે દરોડો પાડતા હરેશ ગોવીંદભાઈ ભેટારીયા સહિત ભાવેશ પરબત ભેટારીયા, દેવશી સવદાસભાઈ ભારવાડીયા, કિશોર નારણ નંદાણીયા, જીગ્નેશ મનસુખ મોઢા અને ભાવેશ ખીમાણભાઈ નંદાણીયાને રૂા.૮૮૧૧૦ રોકડ, રૂા.૩૬૫૦ નાલના, ૬ મોબાઈલ કિ.રૂા.૪૫૫૦૦, બે ફોર વ્હીલ કાર કિ.રૂા.૮,૦૦,૦૦૦ મળી કુલ રૂા.૯,૩૭,૨૬૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ માણાવદર પોલીસ મથકે જુગારધારા ૪,૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં રેસ્ટોરન્ટ માલીક સહિત 3 શખ્સોનો યુવક પર હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ શહેરનાં ચીતાખાના ચોકમાં આવેલ રેસ્ટોરન્ટના માલીક સહિત ૩ શખ્સોએ ઉધાર ન આપવા બાબતે બોલાચાલી કરી ધારદાર વસ્તુઓ વડે હુમલો કર્યાની ફરીયાદ બી ડીવીઝન પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસ મથકે અતીકભાઈ હસનભાઈ મહીડાએ સોયબભાઈ ફારૂકભાઈ વડગામા તથા અન્ય બે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીને આરોપી સોયબ વડગામાએ ઉધાર ન આપવા બાબતે બોલચાલી કરી અજાણ્યા શખ્સો લોખંડના સળીયા વડે વાસાના ભાગે મારી દીધેલ અને ઢીકાપાટુનો મારમારેલ સાથે આરોપી સોયબ વડગામાએ હાથ રહેલ ગાડીની ચાવી જેવી કોઈ ધારદાર વસ્તુથી ડાબી આંખ નજીક મારી દેતા સારવાર અર્થે ખસેડાયેલ. આ બનાવ અંગે બી ડીવીઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં મોપેડમાં દારૂનો ધંધો કરતો શખ્સ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ શહેરના ઝાંઝરડા રોડ પર મોપેડમાં દારૂ વેચતા શખ્સને ઝડપી લઈ બી ડીવીજન પોલીસ મથકે ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસે ઝાંઝરડા રોડ પરથી કેતન ભનુભાઈ શામળાને એકસેસ નં.જીજે-૧૧-સીકે-૦૦૮૮માં જુદી જુદી બ્રાન્ડની વિદેશી દારૂની બોટલ(ચપટ) ૫૯ કિ.રૂા.૫૯૦૦ તેમજ ૭૫૦ એમ.એલ.ની પાંચ બોટલ કિ.રૂા.૨૦૦૦ મળી કુલ ૩૭૯૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લેતા વધુ પુછપરછ કરતા આ દારૂ દેશુર રબારીએ આપેલ હોવાનું કબુલતા પોલીસે બંને શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

MI-GL

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

બીના ઈલેક્ટ્રોનિક્સ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.